

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَّبِّ زِدْنِي عِلْمًا وَّارْزُقْنِي فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**






**સરપરસ્ત**

**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**

**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

# جعفری آواز
# જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-13, Issue-4, March-2026**

વર્ષ : ૪૫ સળંગ અંક : ૫૩૧



**સંપાદક મંડળ**

**આદ્ય તંત્રી :** મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

**તંત્રી :** કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

**સહતંત્રી :** ફૈઝમોહંમદ મસી

**સલાહ–માર્ગદર્શન :** મૌલવી હાસમભાઈ ગાંધી (સિદ્ધપુર)

**લેસર&ગ્રાફીક વર્ક :** શબ્બીરઅલી રેવાસીયા

અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

**વ્યવસ્થાપક :** રઝાઅલી ખાણુશીયા–૮૪૬૦૪૯૨૪૨૯



**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

**Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com**


## લેખાનુક્રમ


- **ઉઘડતે પાને**

હિદાયત: હુદહુદ પક્ષી અને મલિકાએ સબા... 3

- **તંત્રી લેખ**

આપણી શારીરિક જરૂરિયાતો – ............ 5

- **કુરઆન અને હદીસ**

કુરઆન શિક્ષણ ................................ 7

ગુરરુલ હિકમ ................................. 9

નહ્જુલ અસરાર .............................13

- **તરીકત**

મશાયખવાણી.................................19

- **અદબિયાત**

મીર અનીસના મરસિયા .................... 23

- **તારીખ અને ભૂગોળ**

સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)......... 27

અલ ઈર્શાદ.................................. 29

- **અખ્લાક**

મિસ્બાહુશ્શરીઆ............................ 35

તહ્ઝીબુલ ઈસ્લામ ..........................37

આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન...41

- **દુઆ અને મુનાજાત**

ઈબાદાત...................................... 45

- **અન્ય**

વ્યક્તિ વિશેષ – હમ્લએ ઊલાના શોહદા ....51

આપણા ઘરની વાતો ........................ 55

'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન........... 57

## હિદાયત:

# હુદહુદ પક્ષી અને મલિકાએ સબા (બીબી બિલ્કીસ)નો કિસ્સો

અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ وَالصَّلَاةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

(ગતાંકનું ચાલુ)

عبرت انگیز موت

તો ઈબ્રતઅંગેઝ મોત.

قرآن ایک مقام پر خدا کے اس عظیم پیغمبر کی عجیب و غریب اور عبرت انگیز موت کے بارے میں گفتگو کر رہا ہے اور اس حقیقت کو روشن کر رہا ہے کہ اتنے باعظمت پیغمبر اور اتنی قدرت، رعب اور دبدبہ رکھنے والے حکمران نے اپنی جان کس طرح آسانی کے ساتھ جان آفرین کے سپرد کر دی، یہاں تک کہ بستر پر لیٹنے سے پہلے ہی موت کے چنگل نے ان کے گریبان کو پکڑ لیا۔ فرماتا ہے: ”جب ہم نے سلیمانؑ کے لئے موت کا حکم نافذ کر دیا تو کسی نے بھی لوگوں کو اس کی موت سے آگاہ نہ کیا مگر زمین پر رینگنے والے نے کہ جس نے اس کے عصا کو کھا لیا، یہاں تک کہ اس کا عصا ٹوٹ گیا اور سلیمانؑ کا پیکر نیچے گر پڑا۔“

(સૂરા સબા, આયત-૧૪)

કુરઆન શરીફની આયત એમ કહે છે કે અલ્લાહ કહે છે કે, અમે જ્યારે સુલયમાન (અ.) ના મોત માટે હુકમ આપ્યો, તો — આપણે જોઈ ગયા કે જિન્નાત સામે કામ કરી રહ્યા હતા, હઝરત સુલયમાન (અ.) તેમને જોઈ રહ્યા હતા, તેમનો સપોર્ટ એક લાકડી ઉપર હતો, અને આમ ઊભા હતા અને આમ ને આમ મોત આવી ગયું. તો જિન્નાત તો કેટલાક સમય સુધી એવું જ સમજતા રહ્યા કે જાણે હઝરત સુલયમાન (અ.) જીવિત છે, અને એમને ખુશ કરવા માટે એ જોશ-ખરોશથી કામ કરતા રહ્યા હતા. તો આ વાતની, જિન્નાત કે જેઓ તેમની નોકરીમાં મહેલ કે જે કંઈ તામીર કરી રહ્યા હતા, તેમને કોણે ખબર કરી કે હઝરત સુલયમાન (અ.) હવે દુનિયામાં નથી રહ્યા? તો અહીં કુરઆન શરીફની આયત કહે છે કે — એક ઊધઈએ, જમીન પર રેંગવાવાળા એક કીડાએ તેમને ખબર કરી દીધી. એ કીડાએ, એટલે ઊધઈએ શું કર્યું કે તેમની લાકડીને ખૂબ ખાઈ લીધી, અને હવે લાકડીનો સપોર્ટ ન રહ્યો એટલે હઝરત સુલયમાન (અ.) પડી ગયા, તો બધા જિન્નાતને ખબર પડી ગઈ અને રૈયતને ખબર પડી ગઈ.

جب سلیمانؑ کی موت کا وقت آن پہنچا تو وہ اس وقت کھڑے ہوئے تھے اور اپنے عصا پر تکیہ کئے ہوئے تھے کہ

اچانک موت نے ان کو آ پکڑا، اور ان کی روح بدن سے پرواز کر گئی، اور وہ ایک مدت تک اسی حالت میں کھڑے رہے، یہاں تک کہ دیمک نے، کہ قرآن جسے 'دَآبَّۃُ الْاَرْضِ (زمین پر رینگنے والی چیز)' سے تعبیر کرتا ہے، ان کے عصا کو کھا لیا، جس سے ان کا اعتدال برقرار نہ رہ سکا اور زمین پر گر پڑے، تب لوگ ان کی موت سے آگاہ ہوئے۔

یہ بات قابل توجہ ہے کہ بعض روایات میں آیا ہے کہ اس دن سلیمانؑ نے دیکھا کہ...

આ રિવાયતથી પણ તમે વાકેફ છો. આપણે પુનરાવર્તન કરી લઈએ. કેટલીક રિવાયતોમાં છે કે હઝરત સુલયમાન (અ.)એ જોયું કે એક બિલકુલ સુંદર...

ایک خوبصورت اور خوش پوش...

અને સારાં કપડાં પહેરેલો યુવાન...

قصر کے ایک کونے سے باہر آیا،

મહેલ જે બની રહ્યો હતો અને હઝરત સુલયમાન (અ.) જેને જોઈ રહ્યા હતા, તે મહેલના એક ખૂણામાંથી બહાર આવ્યો.

اور ان کی طرف بڑھا،

હઝરત સુલયમાન (અ.) પાસે નજીક આવવા લાગ્યો.

سلیمانؑ نے تعجب کیا، کہا: "تو کون ہے؟ اور کس کی اجازت سے یہاں آیا ہے؟

હઝરત સુલયમાન (અ.)એ હુકમ આપ્યો હતો કે આ જિન્નાત, જે કામ કરી રહ્યા છે તેમના સિવાય કોઈ પણ તે જગ્યાએ આવે નહીં, કારણ કે કન્સ્ટ્રક્શન ચાલી રહી હતી. તો હઝરત સુલયમાન (અ.) આશ્ચર્યચકિત થઈ ગયા કે તું કોણ છે અને કોની ઈજાઝતથી અહીં આવી રહ્યો છે?

میں نے تو یہ حکم دیا ہوا تھا کہ آج کوئی شخص یہاں نہ آنے پائے۔"

મેં તો હુકમ આપ્યો હતો કે કોઈ અહીં આવે નહીં.

اس نے جواب دیا: "میں وہ ہوں کہ نہ بادشاہوں سے ڈرتا ہوں اور نہ کسی سے رشوت لیتا ہوں۔" سلیمانؑ نے بہت ہی تعجب کیا۔

આશ્ચર્યચકિત થઈ ગયા. સામેવાળો જે સુંદર યુવાન હતો તેણે કીધું કે, હું તો એ છું કે બાદશાહોથી પણ ડરતો નથી, અને કોઈનાથી રિશ્વત પણ લેતો નથી. તો હઝરત સુલયમાન (અ.) આશ્ચર્યચકિત થઈ ગયા.

لیکن اس نے مہلت نہ دی،

એ યુવાને કોઈ મોહલત આપી નહીં.

اور کہا: "میں موت کا فرشتہ ہوں۔

મોતનો ફરિશ્તો છું.

میں اس لئے آیا ہوں تاکہ میں آپ کی روح قبض کروں۔"

હું એટલા માટે આવ્યો છું કે આપની રૂહને કબ્ઝ કરવાનો અલ્લાહે મને હુકમ આપી દીધો છે.

یہ کہتے ہی فوراً ان کی روح قبض کر لی۔

એટલે રૂહ કબ્ઝ કરીને ચાલ્યો ગયો, હઝરત સુલયમાન (અ.) એવા ને એવા ઊભા રહ્યા. (ક્રમશ:)

# આપણી શારીરિક જરૂરિયાતો – અલીમ અને સર્વશક્તિમાન અલ્લાહ

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

આપણા શરીરને વિવિધ પ્રકારના ખોરાકની જરૂર પડે છે. જો આ વિવિધ પ્રકારના ખોરાક ન મળે તો આપણે શું કરીએ? તેમના વગર શું આપણે ચાલી શકીએ અને આપણી પ્રવૃત્તિઓને અમલમાં મૂકી શકીએ?

આપણા શરીરની તંદુરસ્તી માટે આપણે અમુક પ્રમાણમાં પાણી પીવું જ પડે. જો પાણી જ ન હોય તો આપણે શું કરીએ?

જો આપણી પાસે પીવા માટે અને ખાવા માટે મોઢું જ ન હોય તો આપણે શું કરીએ? જો આપણી પાસે આપણા ખોરાકને ચાવવા માટે દાંત જ ન હોય તો આપણે શું કરીએ?

સુખદ બાબત તો એ છે કે જીવનમાં આપણને જરૂર હોય એવી બધી જ બાબતો આ દુનિયામાં અસ્તિત્વ ધરાવે છે. આપણને જુદા જુદા પ્રકારનાં ફળોની જરૂર પડે છે, તે અસ્તિત્વ ધરાવે છે. આપણને જુદા જુદા પ્રકારનાં શાકભાજીની જરૂર પડે છે, તે અસ્તિત્વ ધરાવે છે. આપણે તરસ્યા થઈએ છીએ અને પાણીની જરૂર પડે છે, તે અસ્તિત્વ ધરાવે છે. શું તમને ખબર છે ખરી કે આ બધી જરૂરિયાતો વિષે કોણ જાણતું હતું અને દરેક જણ માટે કોણે આ બધી વસ્તુઓનું સર્જન કર્યું? એ બીજું કોઈ નહીં, પરંતુ સર્વશક્તિમાન અને બધું જ જાણનાર અલ્લાહ તઆલા છે. આ બધી નેઅમતો માટે આપણે તેનો શુક્ર કેવી રીતે અદા કરી શકીએ?

આપણી પાસે ખાવા અને પીવા માટે મોઢું છે. આપણી પાસે ખોરાકને પકડવા અને મોઢામાં મૂકવા માટે હાથ છે. આપણી પાસે ખોરાકને પચાવવા માટે જઠર છે. આપણી પાસે જોવા માટે આંખો છે, સાંભળવા માટે કાન છે, અને બોલવા માટે અને ખોરાકને ચાખવા માટે જીભ છે. આપણી તંદુરસ્તી અને વૃદ્ધિ માટે જે જે વસ્તુની જરૂર છે, તે આ દુનિયામાં અસ્તિત્વ ધરાવે છે.

આ જૂનોપુરાણો અને ખાસ સંબંધ કે જે આપણા અને બાકીનાં સર્જનો સાથે અસ્તિત્વ ધરાવે છે, તેનાથી ફલિત થાય છે કે:

એ બધું જાણનાર અને સર્વશક્તિમાન સર્જક છે કે જેણે આપણને બધાને પેદા કર્યા અને જેણે અગાઉથી જ જોયું હતું કે આપણને કઈ વસ્તુઓની જરૂર પડવાની છે.

આ સર્જક અલ્લાહ તઆલા છે કે જે બધું જાણનાર અને સર્વશક્તિમાન છે.

જો તે બધું જાણનાર — અલીમ — ન હોત, તો આપણને કઈ વસ્તુઓની જરૂર છે તે જાણતો ન હોત.

જો તે સર્વશક્તિમાન ન હોત, તો આ બધી વસ્તુઓનું સર્જન કરવા તે શક્તિમાન ન બનત.

તેથી હવે આપણે સમજી ગયા કે અલ્લાહ તઆલા બધું જાણનાર – અલીમ અને સર્વશક્તિમાન – કાદિર છે.

અલ્લાહ બધાં સર્જનો પ્રત્યે દયાળુ અને પ્રેમાળ છે. તેણે આ બધી નેઅમતોનું આપણા બધા માટે સર્જન કર્યું છે. આપણને બધાને જીવવાનો અને તેની નેઅમતોને માણવાનો અધિકાર છે, પરંતુ આપણામાંના ઘણા ગુનાહો અને ગુનાહિત અત્યાચારો વડે તેની નેઅમતોથી વંચિત છે. આપણામાંના ઘણાની પાસે યોગ્ય પ્રમાણમાં ખોરાક અને ફળ પહોંચવાનો માર્ગ નથી. આપણામાંના કેટલાક પીવાના પાણીથી વંચિત છે. મુસલમાનોએ બીજાઓ માટે વિચારવું જોઈએ અને તેમની કાળજી લેવી જોઈએ. ગરીબો અને વંચિતોનો વિચાર કર્યા વગર કોઈ પણ મુસ્લિમે પેટ ભરીને ખાવું અને પીવું જોઈએ નહીં. આપણે બધાએ હાથથી હાથ મિલાવીને આ દુનિયાને વધારે સારી જગ્યા બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. (The Children's Book On Islam, Part–2, Page–18નો અનુવાદ)






# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## શરાબ વિષેની આયતો

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

يُطَافُ عَلَيۡهِمۡ بِكَاۡسٍ مِّنۡ مَّعِيۡنٍۢ ﴿٤٥﴾

✿ તેમના પર સ્વચ્છ ઝરણાં માંહેથી (પાણીના) જામના દોર ચાલી રહ્યા હશે.

**(સૂરા સાફ્ફાત, આયત–૪૫)**

---

بَيۡضَآءَ لَذَّةٍ لِّلشّٰرِبِيۡنَ ﴿٤٦﴾

✿ જે સફેદ (દૂધ જેવા) રંગનું હશે, અને તેની (ખરી) મજા પીનારાઓ જ જાણશે.

**(સૂરા સાફ્ફાત, આયત–૪૬)**

---

لَا فِيۡهَا غَوۡلٌ وَّلَا هُمۡ عَنۡهَا يُنۡزَفُوۡنَ ﴿٤٧﴾

✿ તેમાં ન કેફ હશે, અને ન તેઓ તેનાથી છાકટા થશે. **(સૂરા સાફ્ફાત, આયત–૪૭)**

## સ્ત્રીઓના હકકો માટે કુરઆનનું વર્ણન

اَلطَّلَاقُ مَرَّتٰنِ ۖ فَاِمۡسَاكٌۢ بِمَعۡرُوۡفٍ اَوۡ
تَسۡرِيۡحٌۢ بِاِحۡسَانٍ ؕ وَلَا يَحِلُّ لَـكُمۡ اَنۡ
تَاۡخُذُوۡا مِمَّآ اٰتَيۡتُمُوۡهُنَّ شَيۡـًٔا اِلَّاۤ اَنۡ
يَّخَافَآ اَلَّا يُقِيۡمَا حُدُوۡدَ اللّٰهِ ؕ فَاِنۡ خِفۡتُمۡ اَلَّا
يُقِيۡمَا حُدُوۡدَ اللّٰهِ ۙ فَلَا جُنَاحَ عَلَيۡهِمَا
فِيۡمَا افۡتَدَتۡ بِهٖ ؕ تِلۡكَ حُدُوۡدُ اللّٰهِ فَلَا

✿ તલાક (રદ થઈ શકનાર) બે વખત છે, તે પછી તે (સ્ત્રી)ઓને યોગ્ય રીતે રાખવી અથવા ભલાઈની સાથે તેમને જવા દેવી; અને આ તમારા માટે હલાલ નથી કે જે કાંઈ તમે તેમને આપી ચૂકયા હો તેમાંથી (અર્થાત્ મહેરમાંથી) કાંઈ પણ પાછું લઈ લો, સિવાય એ હાલતમાં કે બન્નેને આ વાતનો ભય હોય કે બન્ને અલ્લાહની હદ(ના નિયમો) પર કાયમ

تَعۡتَدُوۡهَا ۚ وَمَنۡ يَّتَعَدَّ حُدُوۡدَ اللّٰهِ فَاُولٰٓـئِكَ هُمُ الظّٰلِمُوۡنَ ﴿۲۲۹﴾

રહી શકશે નહીં; (અય મુસલમાનો!) પછી જો તમને તે (વાત)નો ભય હોય કે બન્ને પક્ષો અલ્લાહની હદ પર કાયમ રહેશે નહીં, તો જો સ્ત્રી પોતાના છુટકારા માટે કાંઈ બદલો આપી દે, તો બન્ને ઉપર કોઈ દોષ નથી;[1] આ અલ્લાહની હદો છે જેથી તેને ઓળંગી જાઓ નહીં, અને જેઓ અલ્લાહની હદો ઓળંગી જાય છે, તેઓ જ જુલમગાર છે.

**(સૂરા બકરા, આયત–૨૨૯)**

---

فَاِنۡ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ مِنۡۢ بَعۡدُ حَتّٰى تَنۡكِحَ زَوۡجًا غَيۡرَهٗ ؕ فَاِنۡ طَلَّقَهَا فَلَا جُنَاحَ عَلَيۡهِمَآ اَنۡ يَّتَرَاجَعَآ اِنۡ ظَنَّآ اَنۡ يُّقِيۡمَا حُدُوۡدَ اللّٰهِ ؕ وَتِلۡكَ حُدُوۡدُ اللّٰهِ يُبَيِّنُهَا لِقَوۡمٍ يَّعۡلَمُوۡنَ ﴿۲۳۰﴾

۞ પછી જો તેણીને (ત્રીજી) તલાક (બાઈન) આપે તો, તે બાદ તેણી તેના માટે હલાલ રહેશે નહીં, જ્યાં સુધી તેણી કોઈ મર્દ સાથે નિકાહ કરે નહીં; પછી જો તે (બીજો ધણી પણ) તેણીને તલાક આપે તો તેઓ એકબીજાને ફરીથી પરણે (એમ કરવામાં) તેમના ઉપર કોઈ દોષ નથી, એ શર્તે કે તેઓ બન્ને એમ ધારે કે તેઓ અલ્લાહના નિયમો જાળવી શકશે; અને આ અલ્લાહની હદો છે કે જે તે લોકો માટે વર્ણવે છે કે જેઓ સમજ ધરાવે છે.

**(સૂરા બકરા, આયત–૨૩૦)**

---

1 ઈદ્દત દરમિયાન સોહબત સંબંધી નિયમો ન જાળવી શકાય અથવા અરસપરસ અણગમાને લીધે માઠું પરિણામ આવવાનો ભય હોય, તો સ્ત્રી પોતાની આખી મહેર અથવા તેનો કાંઈ ભાગ જતો કરી છુટકારો મેળવી શકે છે. સ્ત્રીને તલાક આપ્યા પછી ચાર માસ અને દસ દિવસની મુદત સુધી રાહ જોવી તેને ઈદ્દત કહે છે.

# ગુરરુલ હિકમ




(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)
(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસઅેહમદ એડ. જાફરી

## સહનશીલતા

١- اَلْحِلْمُ اَحَدُ الْمَنْقَبَتَيْنِ

૧. સહનશીલતા બે ઉચ્ચ દરજ્જાના ગુણોમાંથી એક છે.

٢- اَلْحِلْمُ عِنْدَ شِدَّةِ الْغَضَبِ يُؤْمِنُ غَضَبَ الْجَبَّارِ

૨. અત્યંત ક્રોધના સમયે સહનશીલતા અપનાવવાથી અલ્લાહના અઝાબથી રક્ષણ મળે છે.

٣- اَلْحِلْمُ يُطْفِئُ نارَ الْغَضَبِ، والْحِدَّةُ تُؤَجِّجُ اِحْراقَهُ

૩. સહનશીલતા ક્રોધાગ્નિને શાંત કરે છે, જ્યારે ઉગ્રતા તેનામાં ઈંધણ નાખે છે.

٤- اُحْلُمْ تُكْرَمْ

૪. સહનશીલ બનો કે જેથી તમારું માન–સન્માન થાય.

٥- اُحْلُمْ تُوَقَّرْ

૫. સહનશીલ બનો કે જેથી તમારી પ્રતિષ્ઠા વધે.

٦- اَغْضِ عَلَى الْقَذٰى، وَاِلَّا لَمْ تَرْضَ اَبَداً

૬. (અન્યોનાં કાર્યોમાં) સહનશીલતા દાખવો, નહીંતર તમે કદી રાજી નહીં રહી શકો.

٧- اِحْتَجِبْ عَنِ الغَضَبِ بِالْحِلْمِ، وَغُضَّ عَنِ الوَهْمِ بِالْفَهْمِ

૭. સહનશીલતાના પડદાથી તમારા ક્રોધને સંતાડો અને સમજદારી અપનાવીને ગેરસમજ દૂર કરો.

٨- اَقْوَى النَّاسِ مَنْ قَوِیَ عَلٰی غَضَبِہٖ بِحِلْمِہٖ

૮. લોકોમાં સૌથી વધારે શક્તિશાળી તે છે કે જે પોતાની સહનશીલતાથી ક્રોધ ઉપર કાબૂ મેળવે.

٩- اَفْضَلُ الْحِلْمِ كَظْمُ الْغَيْظِ، وَمِلْكُ النَّفْسِ

૯. સૌથી ઉચ્ચ પ્રકારની સહનશીલતા છે ગુસ્સા પર

مَعَ الْقُدْرَةِ

કાબૂ મેળવવો અને (બદલો લેવા) શક્તિશાળી હોવા છતાં પણ પોતાની જાત પર કાબૂ રાખવો.

١٠۔ اَشْجَعُ النَّاسِ مَنْ غَلَبَ الْجَهْلَ بِالْحِلْمِ

૧૦. સૌથી વધારે શૂરવીર તે છે કે જે પોતાની સહનશીલતા દ્વારા અજ્ઞાનતા ઉપર કાબૂ મેળવે છે.

١١۔ اِنَّ اَفْضَلَ اَخْلَاقِ الرِّجَالِ الْحِلْمُ

૧૧ બેશક, ઈન્સાનનો સૌથી ઉત્તમ ગુણ સહનશીલતા છે.

١٢۔ مِنْ كَمَالِ الْحِلْمِ تَأْخِيْرُ الْعُقُوْبَةِ

૧૨. સહનશીલતાની સંપૂર્ણતા એ છે કે સજા કરવામાં વિલંબ કરવામાં આવે.

١٣۔ اَلْحِلْمُ عَشِيْرَةٌ

૧૩. સહનશીલતા એક જાતિ (સમાન) છે (કારણ કે તે તેના સભ્યોનું રક્ષણ કરે છે).

١٤۔ اَلْحِلْمُ زَيْنُ الْخُلْقِ

૧૪. સહનશીલતા ચારિત્ર્યની શોભા છે.

١٥۔ اَلْحِلْمُ عُنْوَانُ الْفَضْلِ

૧૫. સહનશીલતા ઉચ્ચતાનું શીર્ષક છે.

١٦۔ اَلْحِلْمُ رَأْسُ الرِّيَاسَةِ

૧૬. સહનશીલતા શાસનના મસ્તક સમાન છે.

١٧۔ اَلْحِلْمُ ثَمَرَةُ الْعِلْمِ

૧૭. સહનશીલતા જ્ઞાનનું ફળ છે.

١٨۔ اَلْحِلْمُ فِدَامُ السَّفِيْهِ

૧૮. સહનશીલતા મૂર્ખ લોકોને ચૂપ કરવાનું માધ્યમ છે.

١٩۔ اَلْحِلْمُ زِيْنَةُ الْعِلْمِ

૧૯. સહનશીલતા જ્ઞાનની શોભા છે.

٢٠۔ اَلْحِلْمُ تَمَامُ الْعَقْلِ

૨૦. સહનશીલતા બુદ્ધિની સંપૂર્ણતા છે.

٢١۔ اَلْحِلْمُ (اَلْحِكْمَةُ) نُوْرٌ، جَوْهَرُهُ (جَوْهَرَتُهُ) الْعَقْلُ

૨૧. સહનશીલતા એવું નૂર છે કે જે બુદ્ધિમાં ઝળકે છે.

٢٢۔ اَلْحِلْمُ حِلْيَةُ الْعِلْمِ، وَعِلَّةُ السِّلْمِ


૨૨. સહનશીલતા જ્ઞાનનો દાગીનો છે અને શાંતિનું કારણ છે.

٢٣۔ اَلْحِلْمُ نِظَامُ اَمْرِ الْمُؤْمِنِ

૨૩. સહનશીલતા એ પ્રણાલી છે કે જેના થકી મોમિનના મામલા સુવ્યવસ્થિત થાય છે.

# ગડમથલ

**૩૯૪** **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)




## આડી ચાવીઓ

(૧) ખેદજનક, કષ્ટદાયક, દુઃખદાયક (૫)
(૪) રસૂલ (સ.)એ ભાગ લીધેલ લડાઈઓ (૪)
(૭) અવાજ, હંમેશાં, ધ્વનિ, લગાતાર (૨)
(૯) સ્વાર્થત્યાગ, બલિદાન (૩)
(૧૦) અહંકારી, ઘમંડી, અભિમાની (૪)
(૧૨) છળકપટ, દગો, ધોખો (૩)
(૧૩) કા'બાના ફરતાં સાત આંટા મારવાની ક્રિયા (૩)
(૧૪) આપત્તિ, મુસીબત, તકલીફ (૩)
(૧૫) 'સૈયદ' શબ્દનું બહુવચન, સૈયદો (૩)
(૧૬) ઉંમરમાં નાનું, નાની વયનું (૩)
(૧૯) સૌ, બધું, તમામ, પૂરું, સમસ્ત (૨)
(૨૦) કારણ, પ્રયોજન, હેતુ, ઉદ્દેશ (૩)
(૨૧) પાંખોવાળી અલૌકિક સ્ત્રી, અપ્સરા (૨)
(૨૩) હુન્નર, કારીગરી, હાથચાલાકી (૪)
(૨૫) રહેવું, વસવાટ કરવો, વસવું (૩)
(૨૭) માણસ, માનવી, મનુષ્ય (૩)
(૨૯) આનંદિત, રાજી, પ્રફુલ્લ (૩)
(૩૦) ફળ, શેરડી, તાડી, વગેરેનો રસ (૩)
(૩૨) જ્ઞાન, વિવેક, અલ્લાહની ઓળખ (૩)
(૩૩) પગલું, ડગલું, ચાલ (૩)
(૩૪) 'અગર'નું ટૂંકુ રૂપ, જો, જોકે (૨)

## ઊભી ચાવીઓ

(૧) નિશાની, પ્રતીક, ચિહ્‌ન, સંકેત (૪)
(૨) પ્રવૃત્ત, મશગૂલ, વ્યસ્ત, તલ્લીન (૪)
(૩) દેવાળિયું, દરિદ્ર, કંગાળ (૩)
(૫) વૃદ્ધ, કમજોર, ઘરડું, નિર્બળ (૩)
(૬) ભીંજાયેલું, ભીનું, તરબોળ (૫)
(૮) આદર્શ સજ્જનતા, માણસાઈ, આબરૂ (૪)
(૧૧) રુચિકર, મનગમતું, મનોહર, અનુકૂળ (૩)
(૧૪) શત્રુનું બહુવચન, દુશ્મનો, વિરોધીઓ (૨)
(૧૫) હરણની જાતિનું એક પ્રાણી (૩)
(૧૬) ધીરજ, ધૈર્ય, સહનશીલતા (૩)
(૧૭) નિંદા, બદગોઈ, ચાડી, તોહમત (૩)
(૧૮) નિર્ભીકતા, નિસ્પૃહીપણું (૫)
(૨૦) દોઝખ, જહન્નમ, નર્ક (૩)
(૨૨) હવા, વાયુ, ગંધ, વાસ (૨)
(૨૪) ખરાબ કાર્ય કરનાર, દુરાચારી, વ્યભિચારી (૪)
(૨૬) નખ, નહોર (૩)
(૨૮) મધ, મધુર, મીઠું, મધયુક્ત (૩)
(૩૧) નસ, લોહીની નળી (૨)

pure fusion™

# પ્રકૃતિના તત્ત્વોનું શુદ્ધ સંયોજન એટલે પ્યોર ફ્યુઝન.

આજકાલ વધતી બીમારીઓ અને ખોરાકમાં પોષણની અછતને ધ્યાનમાં રાખીને અમો એ પ્લાન્ટ-બેઝ્ડ વિટામિન સપ્લિમેન્ટ્સ, એફરવેસન્ટ ટેબ્લેટ્સ અને બાળકો માટે નેચરલ પ્રોટીન પાવડર બનાવ્યાં છે. આ સંપૂર્ણ નેચરલ પ્રોડક્ટ્સ શરીરને જરૂરી પોષક તત્વો પૂરા પાડે છે અને તમને તંદુરસ્ત, ઉત્સાહી અને મજબૂત બનાવે છે.

પ્રોડક્ટસ્ વિષે વધુ મહિતી માટે સંપર્ક કરો: **9326934440**




**ZAFIYA INTERNATIONAL TRADE LINKS**

G-101, પંજેતની એપાર્ટમેંટ, ગ્રીન પાર્ક, સુમિત હોટેલ ની પાછળ, ઉન્ન, સુરત-394210.

www.thepurefusion.com care@purefusion.in / purefusion



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نهج الاسرار
# નહ્જુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા
અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

## અબ્દુર્રહમાન ઈબ્ને મુલ્જમની બાબતમાં મૌલા અલી (અ)ની વસિયત

ઈબ્ને મુલ્જમે આપ (અ.)ને જખ્મી કર્યા પછી હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ ઈમામ હસન (અ.)ને આ રીતે વસિયત ફરમાવી હતી,

“અય મારા દીકરા! પોતાના કેદીની સાથે નરમીથી વર્તો, અને તેના પર રહમ અને મહેરબાની કરો. જરા જુઓ તો ખરા! તેનું દિલ પણ ડરના માર્યા ધ્રૂજી રહ્યું છે.” તેથી ઈમામ હસન (અ.)એ અરજ કરી કે, “બાબાજાન! આ દુશ્મને તો આપને જખ્મી કર્યા છે, અને શું અમને તેણે શોકગ્રસ્ત બનાવી નથી દીધા? અને છતાં આપ હુકમ આપો છો કે અમે તેની સાથે દોસ્તી અને મહેરબાનીપૂર્વકનું વર્તન કરીએ?”

આપ (અ.)એ ફરમાવ્યું કે, “અય મારા દીકરા! આપણે અહલેબૈતે રહમત અને મગ્ફેરત છીએ, તેથી તમે જે ખાઓ, તે તેને પણ ખવડાવો, અને જે તમે પીઓ, તે તેને પણ પિવડાવો. જો મને મોત આવી જાય, તો તેનાથી એવી રીતે કિસાસ લેજો કે તેને કતલ કરી દેજો, પરંતુ ન તો તેને આગમાં સળગાવજો કે ન તેનાં અંગવિચ્છેદન કરજો, કેમ કે મેં તમારા નાના રસૂલલ્લાહ (સ.)ને ફરમાવતાં સાંભળ્યા છે કે, “અંગવિચ્છેદન કરવાથી બચજો, ભલે ને તે એક હડકાયું કૂતરું જ કેમ ન હોય.” અને જો હું જીવતો રહીશ તો હું જ તેના વિષે ફેંસલો કરીશ. માફી આપવામાં અને કરમ કરવામાં આપણો મકામ બુલંદ છે.”

## તકફીન અને તદ્ફીનની બાબતમાં વસિયત

ઈમામ હસન (અ.)ને સંબોધીને હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું, “આજની રાત્રે હું તમારાથી અલાયદો થઈ જઈશ, અને તમારા નાના રસૂલલ્લાહ (સ.)ની ખિદમતમાં પહોંચી જઈશ. જ્યારે હું આ દુનિયાને છોડી દઉં, તો રાત્રે જ તમે જ મને ગુસ્લકફન આપજો અને એ કાફૂરથી મને હુનૂત આપજો કે જે જિબ્રઈલ (અ.) બેહિશ્તમાંથી લાવ્યા હતા અને જેમાંથી

એક હિસ્સો રસૂલલ્લાહ (સ.)ને આપવામાં આવ્યો હતો અને એક હિસ્સો ફાતેમા (અ.)ને આપવામાં આવ્યો હતો, બાકીનું કાફૂર મારા માટે છે. જ્યારે મને જનાઝામાં રાખવામાં આવે, તો કોઈ માણસ જનાઝાને આગળથી ન ઉઠાવે, માત્ર પાછળના ભાગને કાંધો આપજો. મારા જનાઝાને આગળથી ફરિશ્તા કાંધો આપશે. જ્યાં પણ જનાઝો જાય, તે પ્રમાણે જવા દેજો, અને જ્યાં તે રોકાઈ જાય, તો સમજી લેવું કે મારી કબ્ર ત્યાં જ છે. અય હસન! નમાઝે જનાઝા તમે પઢાવજો. મારી નમાઝે જનાઝા સાત તકબીરોની સાથે પઢાવવામાં આવે કે જે મારા પછી મારા ફરઝંદ કાઈમે આલે મોહંમદ (અ.) સિવાય કોઈના માટે જાઇઝ નથી. જ્યાં નમાઝે જનાઝા પઢાવવામાં આવે ત્યાં થોડી જમીન ખોદવાથી એક લાકડાની તખ્તીથી ઢાંકેલી કબ્ર નીકળશે કે જેને મારા જદ્ હઝરત નૂહ (અ.)એ મારા માટે તૈયાર કરીને રાખી છે. મને તે તખ્તીની નીચે રાખી દેજો. ત્યાં સાત મોટી ઈંટો પણ હશે, તેમને મારા પર ઢાંકી દેજો અને થોડી વાર પછી એક ઈંટ ઉઠાવીને જોશો તો મને જોવા પામશો નહીં, કેમ કે હું તમારા નાના રસૂલલ્લાહ (સ.)ને મળવા જતો રહીશ. દરેક વસી–એ–રસૂલ માટે એ શર્ત છે કે અગર પયગમ્બર પૂર્વ દિશામાં દફન થયેલા હોય અને તેમનો વસી પશ્ચિમ દિશામાં દફન થયેલો હોય, તો અલ્લાહ તઆલા પયગમ્બર અને તેમના વસીની રૂહને મિલાવી દે છે અને ત્યાર બાદ થોડા સમય પછી તેમને પોતાની કબ્રોમાં પાછા મોકલી દે છે. ત્યાર પછી કબ્રને ઢાંકી દેજો અને તેને લોકોથી છુપાવી દેજો અને જ્યારે દિવસ ઊંચે ચઢે, ત્યારે એક જનાઝો ઊંટ ઉપર મૂકીને કોઈના દ્વારા મદીના તરફ રવાના કરજો જેથી કોઈને જાણ ન થાય કે હું ક્યાં દફન થયેલો છું.

ઈમામ સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, “અમીરુલ મોમિનીન (અ.)એ પોતાના બેટા હસન (અ.)ને હુકમ કર્યો હતો કે આપ (અ.) ની ચાર જગ્યાઓએ ચાર કબ્ર ખોદવામાં આવે: મસ્જિદમાં, સહનમાં, અલ–ગરિય્યમાં અને જઅદા ઈબ્ને હુબૈરાના ઘરમાં. ઈમામ (અ.)નું આવું કરવા પાછળનો ઈરાદો એ હતો કે આપ (અ.) ના દુશ્મનોમાંથી કોઈને પણ આપ (અ.)ની કબ્રની જગ્યાની જાણ ન થાય.”[1]

**ઈમામ હસન (અ.)ને વસિયત**

અય મારા દીકરા! અજ્ઞાનતાથી વધારે ગંભીર કોઈ ગરીબી નથી. અકલની વંચિતતા જેવી કોઈ વંચિતતા નથી. અભિમાનથી વધીને બીજું કંઈ જ વધારે એકલતા અને ગભરાટ ભરેલું નથી. સારા અખ્લાક જેવી બીજી કોઈ મહાનતા નથી. હરામથી બચવા જેવી કોઈ પરહેઝગારી નથી. અલ્લાહ અઝ્ઝ વ જલ્લની કારીગરી (સર્જન)માં ચિંતન કરવા જેવી કોઈ ઈબાદત નથી. અય મારા દીકરા! અકલ ઈન્સાન માટે દોલત છે અને હિલ્મ

1 ઈમામ અલી (અ.)નો જ્ઞાનકોષ, જિલ્દ–૩, સફહા–૩૦૨

તેનો વઝીર, મહેરબાની તેની મા છે અને સબ્ર તેના લશ્કરમાંથી છે.

અય મારા દીકરા! દરેક અકલમંદ માટે એ બાબત જરૂરી છે કે પોતાના પર નજર રાખે અને પોતાની જીભને કાબૂમાં રાખે અને પોતાના અહલે ઝમાનાની માઅરેફત રાખે (એટલે કે એને જાણતો રહે.)

અય મારા દીકરા! ભૂખમરો (ગરીબી) મુસીબતોમાંની એક મુસીબત છે, અને તેનાથી વધારે ગંભીર (પીડાદાયક) શરીરની બીમારી છે, જ્યારે તેના કરતાં પણ વધારે ગંભીર તો દિલની બીમારી છે. બેશક, માલનો વધારો નેઅમતોમાંથી છે, તેનાથી શ્રેષ્ઠ શરીરની તંદુરસ્તી છે, અને તેના કરતાં પણ સર્વશ્રેષ્ઠ દિલનો તકવો છે.

અય મારા દીકરા! મોમિન માટે ત્રણ ભાગના સમયમાંથી એક ભાગ એ છે કે જેમાં તે પોતાના રબથી મુનાજાત કરે, બીજો ભાગ એ છે કે જેમાં તે પોતાના નફ્સનો મુહાસબા (હિસાબ) કરે, અને ત્રીજો ભાગ એ છે કે જેમાં તે પોતાના નફ્સ અને તેની લિઝ્ઝતો (આનંદ)ના વચ્ચે અંતર રાખે, મુશ્કેલીઓને સરળ બનાવે અને તેના પર સબ્ર કરે. અને મોમિન માટે જરૂરી છે કે ત્રણ કાર્યોની તરફ ધ્યાન આપે એટલે કે રોજીની તલાશ, આખેરતની સુધારણા અને લિઝ્ઝતો પ્રાપ્ત કરવી કે જે હરામ તરીકાથી ન હોય.

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭, સફહા–૧૦૬)

## હસનૈન (અ.)ને હઝરત અલી (અ.)ની આખરી વસિયત

હઝરત અલી (અ.)એ પોતાની શહાદત પહેલાં હસનૈન (અ.)ને મોતની પથારી પરથી જે વસિયત ફરમાવી તેના એકેએક શબ્દ યાદ કરી લેવાને પાત્ર છે. જેના વડે જાણી શકાશે કે હઝરત અલી (અ.)ને અલ્લાહની બારગાહમાં કેટલા પ્રમાણમાં નિકટતા પ્રાપ્ત હતી, આપ (અ.) તકવાના કેવા દરજ્જા પર ફાએઝ હતા, અને માઅરેફતે ઈલાહીમાં કેટલા પ્રમાણમાં અડગ હતા. એટલા માટે તો રિસાલત મઆબ (સ.)એ ફરમાવ્યું છે કે, "નથી ઓળખ્યો ખુદાને કોઈએ સિવાય મારા અને અલી (અ.)ના." આપ (અ.)ની વસિયત ઈલ્મ અને વિદ્વતાના દરિયાનો એક ટાપુ છે અને ઉપદેશો તથા નસીહતોનો એવો ખજાનો છે કે જેના પ્રત્યેક શબ્દથી ઈમાનની રૂહમાં નૂરાનિયત પેદા થાય છે. દુનિયાના બુદ્ધિશાળી લોકો નવાઈ પામે છે કે એક ઝેર પાએલી તલવારથી જખ્મી થયા પછી આપ (અ.)ના દિમાગમાં આવી વિદ્વતા કેવી રીતે બાકી રહી? કે રૂહના પરવાઝ કરવા સુધી એવાં બહુમૂલ્ય રત્નો આપ (અ.)ની મુબારક જબાનથી નીકળી રહ્યાં કે સમગ્ર દુનિયામાં એનો જોટો મળવો મુશ્કેલ છે. ઝેર અને જખમના કારણે પેદા થયેલી વ્યાકુળતા, બેચેની, કમજોરી અને નિર્બળતાની હાલતમાં પણ આપ (અ.)ની જબાનથી એવી નૂરાની અને સંગ્રહ કરવા યોગ્ય હિદાયતો વહેતી રહી કે જે માઅરેફતનો

ખજાનો બની ગઈ. જેના (આ વસિયતના) પ્રત્યેક શબ્દમાં ફસાહત, બલાગત, અને વિષયનું ઊંડાણ પ્રગટ થાય છે, જેના ગવાહ આપ (અ.)ના ખુત્બા અને અન્ય વસિયતો પણ છે. આવું ઈલ્મ આપવું એ દુનિયાના મહાનતમ વિદ્વાનો અને ફાઝિલોથી શકય નથી.

આ વસિયત તારીખે તબરી (મિસ્રમાં પ્રગટ થયેલી)માંથી નકલ કરવામાં આવી છે.

આખરી સમયમાં હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ પોતાના બન્ને દીકરાઓ ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.)ને પાસે બોલાવીને ફરમાવ્યું,

"હું તમો બન્નેને અલ્લાહના તકવાની વસિયત કરું છું, અને એ વાતની વસિયત કરું છું કે તમે આ દુનિયાની ઈચ્છા ન કરતા પછી ભલે ને તે તમને લલચાવે, અને તેની કોઈ વસ્તુ તમારાથી દૂર થઈ જાય તો તમે અફસોસ ન કરજો, હંમેશાં હક વાત કહેજો, યતીમો પર રહમ કરજો, પરેશાન હાલતવાળાઓની મદદ કરજો, આખેરતના બદલા માટે અમલ કરજો, જાલિમના દુશ્મન બનજો અને મઝલૂમના મદદગાર બનજો, તેમ જ કુરઆનના હુકમો પર અમલ કરજો. અલ્લાહના મામલામાં કોઈ મલામત કરવાવાળાની મલામતનો ખ્યાલ ન કરતા."

ત્યાર પછી મોહંમદ ઈબ્ને હનફીયા તરફ નજર કરીને ફરમાવ્યું કે, "તમારા ભાઈઓને મેં જે વસિયત કરી, તે શું તમે યાદ રાખી લીધી?"

મોહંમદ ઈબ્ને હનફીયાએ જવાબ આપ્યો કે, "જી, હા."

પછી આપ (અ.)એ ફરમાવ્યું કે, "હું તમને પણ એ કાર્યોની વસિયત કરું છું અને એ કે પોતાના બન્ને ભાઈઓની ઈઝઝત અને એહતેરામ કરજો, કે જેમનો તમારા પર મોટો હક છે. તેમના દરેક હુકમની ઈતાઅત કરજો, અને તેમની ઈજાઝત વગર કોઈ કામ ન કરતા."

પછી હુસૈન (અ.)ની તરફ સંબોધીને ફરમાવ્યું, "હું તમો બન્નેને એમ(મોહંમદ ઈબ્ને હનફીયા)ની બાબતમાં વસિયત કરું છું કે આ પણ તમારા ભાઈ અને તમારા વાલિદના દીકરા છે. તમે જાણો છો કે તમારા વાલિદ તેમને પણ ચાહે છે."

અને હસન (અ.)ને ફરમાવ્યું કે, "અય મારા દીકરા! હું તમને વસિયત કરું છું કે અલ્લાહથી ડરતા રહેજો, નમાઝ સમયસર અદા કરતા રહેજો અને ઝકાત તેના સમયે અને મોકા પર અદા કરતા રહેજો. સાચી રીતે વુઝૂ કરજો કેમ કે તહારત વગર નમાઝ થઈ જ શકતી નથી. જે શખ્સ ઝકાત અદા નથી કરતો, તેની નમાઝ કબૂલ જ થતી નથી. વળી, વસિયત કરું છું કે ભૂલ કરનારની ખતાને માફ કરી દેજો, ગુસ્સાને પી જજો, સિલેરહેમી કરતા રહેજો, જાહિલો સાથે હિલ્મથી વર્તજો, દીનમાં ફિકહના પાબંદ રહેજો. અને કોઈ પણ કાર્ય હોય, તેના પર સાબિતકદમ રહેજો. કુરઆનને પોતાનો હલીફ (મિત્ર) બનાવજો, પાડોશીઓ સાથે સારો

વર્તાવ કરજો, અમ્ર બિલ માઅરૂફ અને નહી અનિલ મુન્કર બજાવતા રહેજો તેમ જ ફ્વાહિશ (દુરાચાર) થી બચતા રહેજો."

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

આ એ બાબતો છે કે જેમની અલી ઈબ્ને અબી તાલિબ (અ.)એ વસિયત કરી. આપ (અ.) ગવાહી આપે છે કે અલ્લાહ સિવાય કોઈ ઈલાહી નથી, તે એક છે, તેનો કોઈ શરીક નથી અને એ કે મોહંમદ (સ.) તેના બંદા અને રસૂલ છે કે જેમને તેણે (અલ્લાહે) હિદાયત અને દીને હકની સાથે મોકલ્યા, જેથી તેને (દીને હકને) બધા દીન પર ગાલિબ કરી દે, પછી ભલે ને મુશરિકોને નાપસંદ હોય. બેશક, મારી નમાઝ તથા મારી ઈબાદતો, મારું જીવવું તથા મારું મરવું તમામ આલમીનના પાલનહાર અલ્લાહના જ માટે છે, જેનો કોઈ ભાગીદાર નથી. એનો મને હુકમ આપવામાં આવ્યો છે અને હું તેનો હુકમ માનવાવાળાઓમાંથી છું.

પછી ફરમાવ્યું,

"હું તમને, અને મારી બધી જ ઓલાદને, મારા ઘરવાળાઓને અને જેમના સુધી મારું લખાણ પહોંચે તેમને, અલ્લાહના તકવાની, તમારા મામલાઓને વ્યવસ્થિત કરવાની, અને તમારા આપસના સંબંધોની સુધારણા કરવાની, વસિયત કરું છું, કેમ કે મેં તમારા નાના (સ.)થી સાંભળ્યું છે કે આપ (સ.)એ ફરમાવ્યું કે, "આપસમાં સંબંધોની સુધારણા સામાન્ય નમાઝ અને રોઝા કરતાં બહેતર છે."

અલ્લાહની કસમ! યતીમો(ના મામલામાં) અલ્લાહથી ડરજો; તેમનાં મોંઢાઓને તમે આંતરેદિવસે ન ભરતા (એટલે કે તેમને રોજ ખાવાનું ખવડાવજો), અને તમારી હાજરીમાં તેઓ પાયમાલ ન થવા જોઈએ. અલ્લાહની કસમ! તમારા પાડોશીઓ(ના મામલામાં) અલ્લાહથી ડરજો; કેમ કે તેમના વિષે તમારા નબી (સ.)ની વસિયત છે. આપ (સ.) (અમને) તેમના વિષે હંમેશાં વસિયત કરતા રહેતા હતા, એટલે સુધી કે અમને ગુમાન થવા લાગ્યું કે આપ (સ.) તેમને વારસદાર પણ બનાવી દેશે. અલ્લાહની કસમ! કુરઆન(ના સંબંધમાં) અલ્લાહથી ડરજો, (કે) તમારા સિવાય બીજો કોઈ તેના પર અમલ કરવામાં તમારાથી આગળ ન નીકળી જાય. અલ્લાહની કસમ! નમાઝ(ની બાબતમાં) અલ્લાહથી ડરજો; કેમ કે તે તમારા દીનનો સ્તંભ છે. અલ્લાહની કસમ! તમારા રબના ઘર(ના વિષે) અલ્લાહથી ડરજો, જ્યાં સુધી તમે જીવતા છો ત્યાં સુધી તેને વેરાન ન થવા દેજો; કેમ કે જો તેને છોડી દેવામાં આવશે, તો તમને રાહત નહીં મળે. અલ્લાહની કસમ! અલ્લાહના માર્ગમાં તમારા માલ, તમારા જીવ, અને તમારી જીભો વડે જિહાદ કરવા(ની બાબતમાં) અલ્લાહથી ડરજો. તમારા પર પરસ્પર વ્યાવહારિક સંબંધ રાખવો અને પરસ્પર મદદ કરતા રહેવું જરૂરી છે, અને તમે પરસ્પર દુશ્મનાવટ અને પરસ્પર સંબંધો કાપી

નાખવાથી બચતા રહો. તમે અમ્ર બિલ માઅરૂફ અને નહી અનિલ મુન્કરને છોડતા નહીં, નહીંતર તમારામાંથી ખરાબ લોકો તમારા પર હુકૂમત કરશે, પછી તમે આજીજીપૂર્વક ફરિયાદ કરશો તો પણ તમારી (ફરિયાદને) સાંભળવામાં નહીં આવે.

ત્યાર પછી આપ (અ.)એ ફરમાવ્યું કે, "અય અબ્દુલ મુત્તલિબની ઓલાદ! હું તમને મુસલમાનોના ખૂનમાં ડૂબકી મારતા ન પામું, એ કહેતાં કે, અમીરુલ મોમિનીનને કતલ કરવામાં આવ્યા." ખબરદાર, મારા કાતિલ સિવાય બીજા કોઈને પણ કતલ કરતા નહીં. જો તમે મને તેના આ વારથી વફાત પામેલો જુઓ, તો તમે તેને એક વારના બદલે એક જ વાર કરજો, અને તમે આ માણસનું અંગવિચ્છેદન ન કરતા; કેમ કે મેં રસૂલલ્લાહ (સ.)ને ફરમાવતાં સાંભળ્યા છે કે, "અંગવિચ્છેદન કરવાથી બચજો, ભલે ને તે એક હડકાયું કૂતરું જ કેમ ન હોય.""[1]

ઉસૂલે કાફીમાં લખેલું છે કે ત્રણ દિવસની જખ્મી હાલત પછી (શહાદત પહેલાં) હઝરત અલી (અ.)એ ઈમામ હસન (અ.)ને ફરમાવ્યું કે, "અય મારા જિગરના ટુકડા! રસૂલલ્લાહ (સ.) એ મને ફરમાવ્યું હતું કે હું તમને મારા જાનશીન મુકર્રર કરું અને તમામ કિતાબો અને સાધનો તમારા હવાલે કરું, જેવી રીતે રિસાલત મઆબ (સ.)એ મને પોતાનો જાનશીન મુકર્રર કર્યો હતો અને પોતાની તમામ લવાઝિમ (જરૂરી વસ્તુઓ) મારા હવાલે કરી હતી. વધુમાં ફરમાવ્યું કે, "હું તમને વસિયત કરું છું કે જ્યારે તમારો આખરી સમય આવે, ત્યારે તમે તમારા ભાઈ હુસૈન (અ.)ને પોતાના જાનશીન બનાવજો. હવે તમે જ હાકિમ અને અમીર છો."

અલ–ઈર્શાદ: હિબ્બાન ઈબ્ને અલી અલ–નઝીથી અને તેમણે અલી (અ.)ના એક ગુલામથી રિવાયત કરી છે કે જ્યારે અમીરુલ મોમિનીન (અ.) ની વફાતનો સમય નજીક આવ્યો, ત્યારે આપ (અ.) એ હસન (અ.) અને હુસૈન (અ.)ને ફરમાવ્યું કે, "જ્યારે હું વફાત પામું, તો મને મારા તાબૂતમાં મૂકજો, પછી તમે મને બહાર લાવજો અને જનાઝાને પાછળથી ઉઠાવજો; કારણ કે આગળનો ભાગ પોતાની રીતે ઊઠી જશે, ત્યાર પછી મને ગરિય્યાન[2]માં લઈ જજો; ત્યાં તમે એક સફેદ ડુંગરને જોશો કે જે નૂરથી ઝગમગી રહ્યો હશે, પછી તમે તેમાં (એક કબ્ર) ખોદજો; ત્યારે તમે તેમાંથી એક સાગના લાકડાની તખ્તીને પામશો, ત્યાર પછી તમે મને તેમાં દફન કરી દેજો."[3]

(ઈબ્ને અશીર)

(સંદર્ભ: નહ્જુલ અસરાર, જિલ્દ–૨, સફહા–૪૧૭ થી ૪૨૨)

---

1 ઈમામ અલી (અ.)નો જ્ઞાનકોષ, જિલ્દ–૩, સફહા–૨૮૪થી ૨૮૮

2 અલ–ગરિય્યાન: કૂફાના સીમાડે આવેલ અનાજના ગોદામ જેવી બે મોટી ઈમારતો, અલી ઈબ્ને અબી તાલિબ (અ.)ની કબ્રની નજીકની જગ્યા. (મુઅજમુલ બુલ્દાન, જિલ્દ–૪, સફહા–૧૯૬)

3 ઈમામ અલી (અ.)નો જ્ઞાનકોષ, જિલ્દ–૩, સફહા–૨૯૭



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

**મક઼્તૂલનામા**

**● સત ગોર પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૨૮૦**

**સુનો તીજા રે બેટા, અરઝોક કેરા,**
**ઉસે અરઝોકે રણમાં, જાને દિયા ના સવેરા.**

*સાંભળો કે અરઝોકનો જે ત્રીજો બેટો હતો, તેને અરઝોકે રણમાં જલ્દીથી જવા ન દીધો,*

**વે બાપકી રજા બના, શોર કરને આયા,**
**સો સૈયદકે સામી, આયા રે સુણાયા.**

*તે બાપની રજા લીધા વગર ઘોંઘાટ કરતો કરતો રણમેદાનમાં જનાબે કાસિમ (અ.)ની સામે આવ્યો.*

**અને કાસિમકે સામી, આવ ઝબાં રે ચલાઈ,**
**ના સજા રે બોલા, એસી બાત રે સુણાઈ.**

*અને જનાબે કાસિમ (અ.)ની સામે આવીને ખરાબ શબ્દો બોલવા લાગ્યો, એવી વાત સાંભળી છે.*

**વે સૈયદને બોલ, કાન ના લિતા,**
**અને ધસ કર નેઝા, ઉસે પેટમાં દિતા.**

*તે શબ્દો ઉપર જનાબે કાસિમ (અ.)એ ધ્યાન ન આપ્યું, અને એકાએક તેના પેટમાં જોરથી નેઝો માર્યો.*

**યું ખુંખારને ઉસકું, ઘોડેથી ગિરાયા,**
**તબ અરઝોક કેરી, બેગે નજરું આયા.**

*આવી રીતે હુંકારો કરીને તેને ઘોડા ઉપરથી જમીન ઉપર પાડી દીધો, આ અરઝોકે પોતાની નજરે જોયું.*

**તબ અરઝોક ધૂલ, લે સર માંહેં બાઈ,**
**અને રણ માંહેં જાનેકી, તબ ચંતા મન આઈ.**

*ત્યારે અરઝોકે પોતાના માથામાં ધૂળ નાખી, અને તેને રણમાં જવાની મનમાં ચિંતા થવા લાગી.*

**તબ અરઝોક સજોકર, ઝિરહ પેહની રે તંના,**
**રણ માંહેં જાનેકા, ઉને કિયા રે મંના.**

*ત્યારે અરઝોકે તૈયાર થઈને શરીર પર બખ્તર પહેર્યું, અને રણમેદાનમાં જવાનો મનમાં વિચાર કર્યો.*

**તબ ચોથે રે બેટેકે, બાપ નજરું આયા,**
**વે બાપકું પૂછે બના, ચલ રણ માંહેં આયા.**

*ત્યાર પછી ચોથા બેટાને તેનો બાપ નજરે પડ્યો, તે તેના બાપને પૂછ્યા વગર જ રણમેદાનમાં આવ્યો.*

**વે ઘોડે પર પોકારતા, ચલા સૈયદકે સામી,**
**જે ઈમામઝાદા કાસિમ, કહીએ રે નામી.**

*તે ઘોડા ઉપર મોટા અવાજથી બૂમો પાડતો પાડતો જનાબે કાસિમ (અ.)ની સામે આવ્યો, કે જે મશહૂર ઈમામના બેટા, જનાબે કાસિમ કહેવાય છે.*

**ઉને સૈયદકે બરાબર, આવ બાતાં રે કિતી,**
**પણ કાનું માંહેં સૈયદે, વે બાત ના લિતી.**

*તેણે જનાબે કાસિમ (અ.)ની બરાબર સામે આવીને વાતો કરી, પણ જનાબે કાસિમ (અ.)એ તેની વાતને ધ્યાનમાં ન લીધી.*

**અને જંગ હો કેરી, તદબીર બનાઈ.**
**એ સુન સુન મોમિનો, ચંતા એતી આઈ.**

*અને તેની સાથે રણમાં લડવાની યોજના બનાવી, આ સાંભળીને મોમિનોને આટલી ચિંતા થઈ.*

**રેતૂહી**

**જ્યું પતંગ ઝપલાવે દીપંગકું,**
**યું ચલ ચલ આવે રણ રે, યું ચલ ચલ આવે રણ;**
**ઝૂઝના ફરઝંદ નબીસું,**
**ના રે રાખ્યા કુછ મન રે, ના રે રાખ્યા કુછ મન.**

*જેવી રીતે પતંગિયું દીવા ઉપર કૂદી પડે છે, તેવી રીતે દોડી દોડીને રણમેદાનમાં આવે છે, નબી સાહેબના ફરઝંદોની સામે લડાઈ કરવા (દુશ્મનો) દિલમાં જરાય વિચાર કરતા નથી.*

**બયાન નં.૨૮૧**

**ઉને સૈયદકે ઉપર, આવ બરછી ચલાઈ,**
**તબ શમશેર સૈયદે, એસી રે લગાઈ.**

*તેણે જનાબે કાસિમ (અ.) ઉપર આવીને બરછીનો વાર કર્યો, ત્યારે જનાબે કાસિમ (અ.)એ એવો જ તલવારનો વાર કર્યો,*

**કે હાથ તો જમણા, કાટ ભોંમાં ગિરાયા,**
**એતે ચલ વે ભાગા, મુંહ પીછા રે ફિરાયા.**

*કે તેનો જમણો હાથ કપાઈને જમીન ઉપર પડતો થયો, એટલે તે મોઢું પાછું વાળીને ભાગવા લાગ્યો.*

**જબ ભાગા જો પોંચીયા, જ્યાં બાપ થા તાંહાં,**
**એતે ઘોડેસું ગિરીયા, જીવ રહ્યા રે નાંહાં.**

*જ્યારે તે ભાગીને એ જગ્યાએ પહોંચ્યો કે જ્યાં તેનો બાપ હતો, એટલામાં તે ઘોડા ઉપરથી પડતો થયો અને તેનો જીવ નીકળી ગયો.*

**યું ફના કિએ બેટે, ચારું અરઝોક કેરે,**
**જે ગુમાની થે આએ, સામી સૈયદ સવેરે.**

*આવી રીતે અરઝોકના ચારેય બેટાઓનો નાશ કરી દીધો કે જે અભિમાની થઈને જનાબે કાસિમ (અ.)ની સામે આવ્યા હતા.*

**તબ સા'દકે બેટેને, અરઝોકકું આખા,**
**દેખા હાશમી લડકા, યું કરને દાખા.**

*ત્યારે સા'દના બેટાએ અરઝોકને કહ્યું, જોયાને*

*હાશમી બાળકને? આ રીતે તેણે કહ્યું.*

**બોત ચાર બેટું મૂએકા, ઉસે ચંતાથી આઈ,**
**તો જુવાબકી સુધીયા, ઉસે ગઈ રે ભૂલાઈ.**

*અરઝોકને પોતાના ચારેય બેટાઓના મરવાની ચિંતા થવા લાગી તો તેને જવાબ આપવાનું ભાન પણ ભૂલાઈ ગયું.*

**તો સા'દકે બેટેકું, કુછ જુવાબ ના દિતા,**
**અને ગુસ્સે માંહેં રણકે, સામી મુંહ રે કિતા.**

*ત્યારે સા'દના બેટાને કંઈ જવાબ ન આપ્યો, અને ગુસ્સામાં આવીને રણમેદાન તરફ મોઢું કર્યું.*

**યું કમ્મર રે બાંધકર, આયા સૈયદકે સામી,**
**હુઆ અસવાર ઘોડે પર, જે તેજ રે નામી.**

*આવી રીતે કમ્મર બાંધીને તે જનાબે કાસિમ (અ.)ની સામે આવ્યો, અને મશહૂર ઝડપી દોડનાર ઘોડા ઉપર સવાર થયો.*

**કે બાવ હો સેતી, ઘોડા બાત થા કરાતા,**
**એસી તા'રીફ માંહાં, થા ખૂબ રે સુણાતા.**

*કે તેનો ઘોડો હવાથી વાતો કરતો હતો, આવો વખણાયેલો ઉમદા ઘોડો હતો, એવું સાંભળ્યું છે.*

**એસા ઘોડા રે કૂદાકર, આયા અરઝોક સામી,**
**જે ઈમામઝાદે કાસિમ, કહીએ રે નામી.**

*આવો ઘોડો દોડાવતો દોડાવતો અરઝોક તેમની સામે આવ્યો કે જે મશહૂર ઈમામના બેટા, જનાબે કાસિમ કહેવાય છે.*

**આવ અરઝોક બાત કર, લિયા સૈયદકા નામા,**
**એ સંગ દિલ બેઈન્સાફ, તેં કિયા રે કામા.**

*અરઝોકે આવીને વાતો કરતાં કરતાં જનાબે કાસિમ (અ.)નું નામ લઈને કહેવા લાગ્યો કે અય પથ્થરદિલ! તમે આ કેવું અન્યાયભર્યું કામ કર્યું છે?*

**કે બેટે તો ચાર, તેં કિએ રે ફંના,**
**તબ સૈયદને જુવાબ, દિયા સુન એ મંના.**

*કે તમે તો મારા ચારેય બેટાઓનો નાશ કરી દીધો છે. ત્યારે જનાબે કાસિમ (અ.)એ આ સાંભળીને જવાબ આપ્યો તે સાંભળો.*


**તૂ ભી ગુમાન તો બેટુંકા, ખાહે અનું સંગ જાતા,**
**એ સુન સુન મોમિનો, કહ્યા દિન ઓર રાતા.**

*તું પણ તારા બેટાઓની જેમ અભિમાન કરીશ તો તું પણ એમની સાથે જઈશ. આ સાંભળીને મોમિનોએ રાતદિવસ આવું કહ્યું,*

**રેતૂહી**

**અરઝોક મત ગમ ખાયકર,**
**બેટૂંકું મન આન રે, બેટૂંકું મન આન;**
**સૈયદ કહે તુજે સહી,**
**ભેજુ અનું સંગ જાન રે, ભેજુ અનું સંગ જાન.**

*જનાબે કાસિમ (અ.) કહે છે કે અય અરઝોક! તું તારા બેટોઓને યાદ કરીને દિલમાં દુઃખ ન લગાડ, અને જાણી લે કે તને પણ તેમની પાસે પહોંચાડી દઉં છું.*


ELITE DESIGNS
Ready to elevate your space with thoughtful design? Our design services brings your vision to life with modern, stylish, and functional designs tailored just for you.
Our Services
Interior design
Furniture design
Architecture design
3d printing
Product design
Retail design - commercial office, shop
CONTACT US NOW
Mohammadali G. Tharadara
8980676705
mg.th257@gmail.com

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



મરસિયા–૧૯ (ગતાંકનું ચાલુ) مرثیہ-۱۹

| શામના કેદખાનામાં અહલેબૈત (અ.)ની પહેલી રાત | زندانِ شام میں اہلبیتؑ کی پہلی رات |
|---|---|

૨૨

پھرتا تھا گھٹنیوں ابھی یاں میرا نونہال — بچے کا میرے صاحبو رکھیو ذرا خیال
کہنے لگی یہ زینبِؑ بے کس بصد ملال — کس کی تلاش میں ہو کہاں ہے تمہارا لال
ملتا نہیں ہے پھر جسے ہاتھوں سے کھوتے ہیں
تم جن کو ڈھونڈتی ہو وہ مقتل میں ہوتے ہیں

(હાલ જ અહીં મારું બાળક ઘૂંટણિયે ચાલતું હતું. અય લોકો! મારા બાળકનો જરા ખ્યાલ રાખજો." ત્યારે બીબી ઝૈનબ (અ.) દુઃખની સાથે આવું કહેવા લાગ્યાં કે, "કોની શોધમાં છો? કયાં છે તમારો લાલ? જેમને આપણે પોતાના હાથોથી ખોઈ બેસીએ છીએ, તે ફરી મળતા નથી. તમે જેમને શોધી રહ્યાં છો, તે તો મકતલમાં છે.")

૨૩

چھاتی کو پیٹ کر یہ پکاری وہ سوگوار — لو جانتی تھی میں کہ یہیں ہے وہ گلعذار
ہے دور مجھ سے ہائے مرا طفل شیر خوار — اصغرؑ تمہارے ننھے سے لاشے کے میں نثار
اے لال دامنِ شہ خوشخو میں سوتے ہو
ماں سے بچھڑ کے باپ کے پہلو میں سوتے ہو

(એ સોગવાર પોતાની છાતી કૂટીને પોકાર કરવા લાગ્યાં કે, "લ્યો, હું તો એમ જ સમજતી હતી કે મારો ફૂલ જેવો લાલ અહીં જ છે. હાય! મારું દૂધપીતું બાળક તો મારાથી દૂર છે. અય અસ્ગર! તમારી નાનકડી

લાશ પર હું કુરબાન! અય મારા લાલ, તમે તો તમારા બાબાના ખોળામાં સૂઈ રહ્યા છો! માતાથી વિખૂટા પડીને પિતાની બાજુમાં સૂઈ રહ્યા છો!")

بانو کے اس بیاں پہ بلکتے تھے سب حرم     باقرؑ پکارتے تھے کہ کیونکر جئیں گے ہم
૨૪ چلاتی تھی سکینہؑ کہ گھٹتا ہے میرا دم     زنداں کا در بھی ہو گیا مسدود ہے ستم
کھولے گا قفل کون جو عباسؑ آئیں گے
لو اب پدر کدھر سے مرے پاس آئیں گے

(બાનૂના આવા બયાન પર બધાં અહલેહરમ તડપીને રડવા લાગ્યાં. ઈમામ બાકિર (અ.) પોકારી રહ્યા હતા કે, "હવે અમે કેવી રીતે જીવશું?" સકીના (અ.) બૂમ પાડીને કહી રહ્યાં હતાં કે, "મારો શ્વાસ ઘૂંટાય છે. કેદખાનાનો દરવાજો પણ બંધ કરી દેવાયો છે, આ કેવો અત્યાચાર છે! મારા કાકા અબ્બાસ (અ.) હવે કયાં આવવાના છે! તો હવે આ તાળું કોણ ખોલશે? લો હવે તો, મારા બાબા પણ મારી પાસે કયાંથી આવશે!)

ٹکرا کے سر اندھیرے میں چلائیں گے اسیر     اب روشنی کہاں سے بھلا لائیں گے اسیر
૨૫ گرمی کے مارے اور بھی گھبرائیں گے اسیر     ہے ہے یہ کیا غضب ہوا مر جائیں گے اسیر
دربانوں کو پکارو پیمبرؐ کے واسطے
کھلوا دو قفل فاتح خیبر کے واسطے

(અંધારામાં સર પટકી પટકીને કેદીઓ બૂમો પાડશે. હવે ભલા આ કેદીઓ રોશની કયાંથી લાવશે? ગરમીના લીધે કેદીઓની ગભરામણ હજુ વધારે તીવ્ર બનશે. હાય હાય! આ કેવો ગજબ થઈ ગયો, કેદીઓ મરી જશે. પયગંબર (સ.)ના વાસ્તે દરબારીઓને બોલાવો. ફાતહે ખૈબર (અ.)ના વાસ્તે આ તાળાં ખોલાવી દો.)

زنداں کا در کدھر ہے مجھے لے چلو شتاب     دربانوں سے کہوں گی میں با دیدۂ پُر آب
૨૬ دادا مرا ہے شہرِ علومِ نبیؐ کا باب     مجھ پر کرو گے رحم تو ہو گا تمہیں ثواب

پھر کل سے قیدیوں کو نظر بند کیجیو
آ لیویں باباجان تو در بند کیجیو

(કેદખાનાનો દરવાજો ક્યાં છે કે મને ત્યાં જલ્દી લઈ ચાલો. હું આંસુ ભરેલી આંખે દરબાનોને કહીશ કે, "મારા દાદા શહે ઈલ્મે નબી (સ.)ના દરવાજા છે. જો મારા ઉપર રહમ કરશો તો તમને સવાબ મળશે. ભલે કાલથી કેદીઓને ફરી નજરકેદ કરી દેજો. એક વાર મારા બાબાજાન આવી જાય પછી દરવાજો બંધ કરી દેજો.")

٢٧
بولا نہ جب کوئی تو ہوا غم زیادہ تر　　دیوار پکڑے پکڑے گئی وہ قریبِ در
پٹ کو ہلا ہلا کے پکاری وہ نوحہ گر　　دربانو جاگتے ہو کہ سوتے ہو بے خبر
بے کس ہوں تشنہ لب ہوں فلک کی ستائی ہوں
کچھ تم سے اپنا حال میں کہنے کو آئی ہوں

(જ્યારે કોઈએ જવાબ ન આપ્યો ત્યારે તેમનું દુઃખ વધી ગયું. બીબી સકીના (અ.) દીવાલના સહારે સહારે દરવાજા પાસે ગયાં. કમાડને હલાવીને તે નૌહા કહેનાર બાળકીએ પોકાર કર્યો, "અય દરબાનો! તમે જાગો છો કે બેખબર થઈને સૂઈ રહ્યા છો? હું લાચાર છું, તરસી છું, અને મુસીબતની મારી છું. હું તમને મારી દશા વિષે કંઈક કહેવા આવી છું.")

٢٨
بولا کوئی کہ کون ہے تو اے نحیف و زار　　دل ہو گیا ہے تیری صدا سن کے بے قرار
اک آہِ سرد بھر کے یہ بولی وہ دلفگار　　آفت زدہ اسیر و پریشان و سوگوار
چھوٹے سے سن میں قیدیِٔ زندانِ شام ہوں
میں دُخترِ حسین علیہ السلام ہوں

(આ અવાજ સાંભળી દરબાનોમાંથી કોઈ એક બોલ્યો, "અય નાજુક અને કમજોર બાળકી! તમે કોણ છો? તમારો અવાજ સાંભળીને અમારું દિલ બેચેન થઈ ગયું છે." એક ઠંડો નિસાસો નાખીને તે ઘાયલ દિલવાળી બાળકી બોલી, "હું આફતગ્રસ્ત છું, કેદી છું, પરેશાન અને સોગવાર છું. નાની ઉંમરે જ શામના આ કેદખાનાની કેદી બની છું. હું હુસૈન અલૈહિસ્સલામની બેટી છું.)


KFB Milcano TM
भारत का अपना टेस्ट
મિલ્કેનો ડેરી
એટલે...
મધુર સ્વાદ ની
ઓળખ
Maska Dahi
TEA SPECIAL MILK
ટી સ્પેશ્યલ દૂધ
Masala Butter Milk
COW GHEE
Desi Ghee
Cooking Cream
WHITE CHOCOLATE Spread
COCOA WITH ALMOND Spread
TAAZA milk
GOLD milk
PROCESSED CHEESE
Delight
Malai Paneer
Dairy Cream
Eggless MAYONNAISE
PASTEURISED BUTTER SALTED
Lassi
Chocolate
Kesar
અમારી પ્રોડક્ટ્સ
દૂધ, દહીં, છાશ, બટર, પનીર, લસ્સી, કોફી, ક્રીમ, શુદ્ધ ઘી,
ગાયનું ઘી, ચીઝ, શ્રીખંડ, માયોનીઝ, ચોકલેટ અને આઈસ્ક્રીમ
KAUSERY FOOD N BEVERAGES PVT. LTD.
Survey No. 116, Village-Sadikpur, Ta-Kheralu, Mehsana, Gujarat-384325.
Mo: +91 76005 09129 | For Orders: +91 72270 78564 / 65
વ્યાપારી પૂછપરછ આવકાર્ય

# سیرت ائمۂ اہلبیتؑ

# સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

(ગતાંકનું ચાલુ)

**હઝરત અલી (અ.) ખૈબરની લડાઈમાં**

હવે, હઝરત અલી (અ.) અને તેમના સાથી કિલ્લાના દરવાજા તરફ આગળ વધ્યા અને પોતાની સંપૂર્ણ તાકાતથી તેને ધક્કો મારવા લાગ્યા, એટલે સુધી કે તેને તોડી નાખ્યો. યહૂદીઓ મરહબના કતલથી એવા ગભરાઈ ગયા હતા કે તે હઝરત અલી (અ.)ની આગળ આગળ એક કિલ્લાથી બીજા કિલ્લા તરફ ભાગતા હતા. તેઓ વધારે સમય સુધી એક જગ્યા પર ટકતા ન હતા, એટલે સુધી કે તેમણે સુલેહ માટે વિનંતી કરી. તેથી રસૂલે અકરમ (સ.) એ થોડી શર્તો પર તેમનો જીવ બક્ષી દીધો, જેવું કે અમે અમારી કિતાબ 'સીરતે મુસ્તફા'માં લખ્યું છે.

મદીના પાછા જવા માટે રસૂલે અકરમ (સ.) તે રસ્તાથી ચાલ્યા કે જે વાદીઉલ કુરા થઈને જાય છે. આ એક એવી વસ્તી હતી કે જ્યાં યહૂદીઓની એક જમાઅત રહેતી હતી, પરંતુ ન તેમની સંખ્યા વધારે હતી, ન તેમની પાસે ખૈબરના યહૂદીઓની જેમ સાધન–સરંજામ હતાં. તેમ છતાં તેઓ મુસલમાનોની સામે નમ્યા નહીં, પરંતુ તેમનો સામનો કરવા માટે તૈયાર થઈ ગયા. તેથી રસૂલે અકરમ (સ.)એ પોતાના થોડાક સાથીઓને રવાના કરી દીધા અને લશ્કરનો અલમ સઅદ ઈબ્ને ઉબાદા અન્સારીને આપ્યો. તેમણે યહૂદીઓને ઈસ્લામની તરફ દાવત આપી અને તેમને તે પરિસ્થિતિથી ડરાવ્યા કે જે ખૈબરના યહૂદીઓને નડી હતી, પરંતુ તેમણે ઈસ્લામ ન સ્વીકાર્યો અને સામનો કરવા નીકળ્યા. તેથી તેમનામાંથી એક માણસે મુસલમાનોને લલકારવાનું શરૂ કર્યું. ઝુબૈર ઈબ્ને અવ્વામ તેનો સામનો કરવા નીકળ્યા અને તેને કતલ કરી નાખ્યો. હવે તેમનો એક ખૂબ જ બહાદુર માણસ નીકળ્યો કે જેને હઝરત અલી (અ.)એ કતલ કરી નાખ્યો. તેમનામાંથી એક પછી એક માણસો આવતા રહ્યા અને હઝરત અલી (અ.) દરેકને કતલ કરતા રહ્યા, એટલે સુધી કે તેમના અગિયાર માણસો કતલ થઈ ગયા. જ્યારે પણ

તેમનામાંથી કોઈ માણસ માર્યો જતો, તો હઝરત અલી (અ.) તેમને ઈસ્લામની દાવત આપતા, પરંતુ તેઓ ટાળતા જ રહ્યા. તેથી આખો દિવસ તેમની સાથે લડાઈ ચાલુ રહી. બીજા દિવસે જ્યારે તે લોકો શરણે આવી ગયા, તો રસૂલે અકરમ (સ.)એ તેમનો તે સામાન કે જે તે જંગ માટે લાવ્યા હતા, તે લઈ લીધો અને તેમની જમીનો અને બગીચાઓની અડધી ઊપજને તેમની પાસે જ રહેવા દીધી, જેવું કે રસૂલે અકરમ (સ.)એ ખૈબરના યહૂદીઓની સાથે કર્યું હતું.

તે ભૌતિક અને રૂહાની સફળતાઓની સાથે યહૂદીઓથી રસૂલે અકરમ (સ.)ની લડાઈ તે રીતે સમાપ્ત થઈ ગઈ, જેવી રીતે બીજી લડાઈઓ કે જેમના પરિણામે ઈસ્લામ શિર્ક ઉપર અને હક બાતિલ ઉપર વિજયી થયાં. તે હોશિયારીભર્યાં પગલાં માટે કે જે રસૂલે અકરમ (સ.) તે લડાઈઓ માટે ફરમાવતા રહેતા હતા, સફળતાનો પહેલો શરફ આપ (સ.)ને મળે છે, અને તેના પછી હઝરત અલી (અ.)ને કે જેઓ દુશ્મનના બહાદુરો અને લડવૈયાઓને તે આંધીઓની જેમ ખતમ કરતા હતા કે જેની આગળ કોઈ વસ્તુ ટકતી નથી. (ક્રમશઃ)


**આપણી સભ્યતાને અનુરૂપ બહેનો માટે આધુનિક કલેક્શન...**

**ઝહરા**
**ઓનલાઈન ડ્રેસીસ**

ZAHRA
**ONLINE DRESSES**

રેગ્યુલર ડ્રેસ મટીરીયલ I રેડીમેઈડ ડ્રેસીસ I રેડીમેઈડ કોટન કલેક્શન

યુનીક ફેન્સી કુર્તી I રાઉન્ડ ટોપ I અનારકલી

**( પીપોદરવાળા )**

**બહેનો QR code સ્કેન કરીને અમારા ગ્રુપમાં જોડાઈ શકે છે.**

ZOD collection

ZAHRA ONLINE DRESSES

**84697 70530**
**94283 50048**
**97231 82429**
**99241 61429**

# અલ ઈર્શાદ

લેખક : શેખ મુફીદ     ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

**હઝરત અલી ઇબ્ને મૂસા રઝા (અ.)**

(ગતાંકનું ચાલુ)

**આપ (અ.)ની ઈમામતના બારામાં દલીલો અને મોઅજિઝા:**

ઈતિહાસકારોના એક જૂથે અને ખલીફાની સીરત લખનારાઓએ જણાવ્યું છે કે:

મામૂન એવું ઈચ્છતો હતો કે ઈમામ અલી રઝા ઈબ્ને મૂસા (અ.) એક સોગંદનામું કરે, એટલા જ માટે તેણે ફઝલ ઈબ્ને સહલને બોલાવીને પોતાના વિચારોથી માહિતગાર કર્યો. ખલીફાએ તેને કહ્યું કે તે તેના ભાઈ હસન ઈબ્ને સહલને મળે અને આ બાબત તેને જણાવે. આ બન્ને ભાઈઓ તેની હાજરીમાં મળ્યા. આ બાબત સાંભળીને હસન ઘણા ગભરાયા અને બોલ્યા કે આમ કરવામાં નુકસાન થવાનો ભય છે, કેમ કે આવડા મોટા મન્સબ (હોદ્દા)ને આપી દેવો યોગ્ય નહીં ગણાય.

મામૂને કહ્યું, "મેં અલ્લાહથી વચન લીધું છે કે હું આ જવાબદારીઓ એવા માણસને આપી દઈશ કે જે મારાથી વધારે શ્રેષ્ઠ હશે અને મારાથી વધારે સદ્‌ગુણી માણસ અબૂ તાલીબના ખાનદાનનો માણસ જ હોઈ શકે છે. હું તેમનાથી વધારે હકદાર માણસ કોઈ બીજાને નથી જોતો. આખી કાએનાતમાં તે સૌથી વધારે શ્રેષ્ઠ છે."

જ્યારે હસન અને ફઝલ બન્નેએ (ખલીફાનો) નિર્ણય સાંભળી લીધો, તો બન્નેએ તેમનો વિરોધ જાહેર ન કર્યો. (ખલીફાએ) તે બન્નેને ઈમામ અલી રઝા (અ.)ની પાસે મોકલ્યા અને તેમણે આપ (અ.)ને આ નિર્ણયથી માહિતગાર કર્યા. ઈમામ (અ.)એ પહેલાં તો તેને સ્વીકારવાની ના પાડી, પરંતુ જ્યારે વારંવાર આગ્રહ કરવામાં આવ્યો, તો પછી આપ (અ.)એ સ્વીકૃતિ આપી. આ બન્ને પાછા મામૂનની પાસે આવ્યા અને ખલીફાને જણાવ્યું કે ઈમામ અલી રઝા (અ.)એ સંમતિ આપી દીધી છે. આ સાંભળીને તે (ખલીફા) ખુશ થયો. તે જુમ્‌એરાતનો દિવસ હતો કે જ્યારે (ખલીફાએ) આ હુકમ આપ્યો કે બધા દરબારીઓ લીલાં કપડાં પહેરીને આવતી જુમ્‌એરાતે દરબારમાં હાજર રહેશે, જેથી તે લોકો આજ્ઞાપાલનના કાર્યને પૂરું

કરે, તેના પછી દરબારીઓને આખા વર્ષનો વઝીફો આપવામાં આવશે. નિશ્ચિત દિવસે બધા હોદ્દેદારો આવવા માંડ્યા. લશ્કરના સેનાપતિઓ, શાહી મજલિસના સભ્યો, ન્યાયાધિશો અને કાઝી અને બીજા હોદ્દેદારો. આ બધા લોકો લીલા રંગનાં કપડાં પહેરેલાં હતાં. મામૂન રશીદ તખ્તે શાહી ઉપર બેઠેલો હતો. ઈમામ અલી રઝા (અ.) માટે મજલિસની બે બેઠકો ખાલી રાખવામાં આવી હતી. જે ખાલી બેઠકો હતી, તેમની બનાવટ એવી જ હતી કે જેવી ખલીફાની બેઠકની હતી. ખલીફાએ એક બેઠક ઉપર ઈમામ અલી રઝા (અ.)ને બેસાડ્યા. આપ (અ.)એ પણ લીલાં કપડાં પહેરેલાં હતાં, અને માથે અમામો હતો અને કમરમાં તલવાર હતી. પછી મામૂને તેના દીકરા અબ્બાસ ઈબ્ને મામૂનને હુકમ કર્યો કે સૌથી પહેલાં તે ઈમામની ઈતાઅત કરે.

"તમારો હાથ ફેલાવો કે જેથી આજ્ઞાપાલનનું કાર્ય શરૂ થાય," મામૂને કહ્યું.

"પયગમ્બરે ઈસ્લામ (સ.) આ રીતે આજ્ઞાપાલન લેતા હતા," ઈમામ રઝા (અ.)એ કહ્યું કે, "કે આંહઝરત (સ.)નો હાથ ઉપર રહેતો હતો, અને ઈતાઅત કરનારનો હાથ નીચે રહેતો હતો."

દસ હજાર દિરહમ ખેરાત કરવામાં આવ્યા, શાયરોએ ઈમામ અલી રઝા (અ.)ની શાનમાં કસીદા પઢ્યા અને તકરીર કરનારાઓએ તકરીરો કરી. મામૂનને પણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી કે તેણે આ હોદ્દો ઈમામ અલી રઝા (અ.)ને આપ્યો છે. પછી અબૂ અબ્બાદે અબ્બાસ ઈબ્ને મામૂનને બોલાવ્યા. તેઓ તેમના વાલિદ પાસે આવ્યા, હાથનો બોસો લીધો. ખલીફાએ તેમને બેસવાનો હુકમ આપ્યો. ત્યારે મોહંમદ ઈબ્ને જાફર ઈબ્ને મોહંમદને બોલાવવામાં આવ્યા.

તે ખલીફાની પાસે આવ્યા, પરંતુ ખલીફાના હાથનો બોસો ન લીધો. તેમણે તેમની ભેટ લીધી અને મામૂન રશીદના હુકમથી તેમની જગ્યાએ આવીને બેસી ગયા. ત્યાર બાદ અબૂ અબ્બાદે અબ્બાસી કુટુંબના માણસો અને અલવી કુટુંબના માણસોને એક એક કરીને બોલાવ્યા અને તેમને ભેટો આપવામાં આવી. જ્યારે આ પરંપરા પૂરી થઈ, તો મામૂન રશીદે ઈમામ અલી રઝા (અ.)ને કહ્યું કે મજલિસવાળાઓની સામે આપના વિચારો જાહેર કરો.

પહેલાં આપ (અ.)એ અલ્લાહ તઆલાની હમ્દ કરી. પછી ઈર્શાદ ફરમાવ્યો, "રસૂલે અકરમ (સ.)ના વસીલાથી અમારો થોડો હક આપ લોકો ઉપર છે અને તે જ પ્રમાણે આપ લોકોનો હક અમારા ઉપર છે. જો તમે લોકો તમારો હક બજાવી લાવો છો, તો અમારા પર પણ ફરજ છે કે અમે અમારો હક અદા કરીએ."

આ સમયની વધુ વિગતો મળી શકી નથી. મામૂન રશીદે આ હુકમ જરૂર આપ્યો કે દિરહમ ઉપર અલી રઝા (અ.)નું નામ પણ કોતરવામાં આવે. મામૂન રશીદે ઈમામ અલી રઝા (અ.)ના

ભાઈ ઈસ્હાક ઈબ્ને મૂસા ઈબ્ને જાફરની શાદી તેની પિતરાઈ બહેન સાથે કરાવી. ખલીફાએ તેમને પ્રતિનિધિમંડળના સરદાર બનાવીને મક્કા મોકલ્યા અને આવી સૂચના આપી કે તે મક્કાવાળાઓને આ ખબર આપે કે ઈમામ અલી રઝા (અ.) હવે વલીઅહદના હોદ્દા ઉપર છે. ખલીફાએ તેમને આવું પણ કહ્યું કે સફર દરમિયાન જે વસ્તીઓ રસ્તામાં આવે, તેમને આ સમાચાર પણ આપતા જાય.

**ઈમામ અલી ઈબ્ને મૂસા રઝા (અ.)ની શહાદતનું વર્ણન**

જ્યારે પણ ઈમામ અલી રઝા ઈબ્ને મૂસા (અ.) ખલીફા મામૂનને એકાંતમાં મળતા, તેને ચેતવતા, અને માર્ગદર્શન આપતા કે અલ્લાહનો ડર દિલમાં રાખે. આપ (અ.) ખલીફાને યાદ અપાવતા કે તેણે ખિલાફત દરમિયાન કેટલા ધૃણાસ્પદ ગુનાહ કર્યા છે. જાહેરી રીતે મામૂન પોતાના ગુનાહોને સ્વીકારતો હતો, પરંતુ અંદરોઅંદર તે આવી વાતોથી નફરત કરતો હતો. એક દિવસ ઈમામ રઝા (અ.) ખલીફા મામૂનને મળવા ગયા, તો જોયું કે તે વુઝૂ કરી રહ્યો છે અને એક ખાદિમ તેના હાથ પર પાણી રેડી રહ્યો છે.

"અમીરુલ મોમિનીન! તમારા પરવરદિગારની ઈબાદતમાં કોઈને શરીક ન કરો" આપ (અ.)એ તેને હિદાયત કરી.

આ સાંભળીને મામૂને ખાદિમને જતા રહેવાનો હુકમ આપ્યો અને વુઝૂનું પાણી જાતે લઈ લીધું, પરંતુ ગુસ્સાથી તેનું દિલ ધૂંઆપૂંઆ થઈ રહ્યું હતું. આ ઉપરાંત, જ્યારે પણ મામૂન હસન અને ફઝલ ઈબ્ને સહલનો ઉલ્લેખ કરતો, ત્યારે ઈમામ રઝા (અ.) તેમની નિંદા કરતા; આપ (અ.) કહેતા કે તેઓ બન્ને એક જેવા જ છે અને મામૂનને સલાહ આપતા રહેતા કે તે બન્નેની સલાહ પર આંખ બંદ કરીને અમલ ન કરે. તે બંને આ વાતથી વાકેફ હતા અને તે બન્ને ભાઈઓએ મામૂન રશીદના કાન ભંભેરવાનું શરૂ કર્યું અને ઈમામ રઝા (અ.)ની ફરિયાદો કરવાની શરૂ કરી દીધી. તેઓ એવી દરેક વાત મામૂનના કાને નાખતા કે જે ઈમામ રઝા (અ.) ને મામૂનથી અલગ કરી દે તેવી હોય અને જેનાથી મામૂનને લોકોના તેના પ્રત્યેના વલણથી ડરાવી દે. તેમની આવી સતત કાનભંભેરણીથી મામૂન રશીદ પણ ઈમામ રઝા (અ.)થી ખરાબ દિલનો થઈ ગયો અને આપ (અ.)ને શહીદ કરવાની ઈચ્છા કરવા લાગ્યો.

એક દિવસ એવું બન્યું કે ઈમામ રઝા (અ.) અને મામૂન સાથે ભોજન લઈ રહ્યા હતા. ખાવાનું ખાધા પછી ઈમામ રઝા (અ.) બીમાર પડી ગયા અને મામૂન રશીદે પણ બીમાર હોવાનો ઢોંગ કર્યો.

મોહંમદ ઈબ્ને અલી ઈબ્ને હમ્ઝાએ મન્સૂર ઈબ્ને બશીરના હવાલાથી અને તેમણે તેમના ભાઈ અબ્દુલ્લાહ ઈબ્ને બશીરના હવાલાથી જણાવ્યું કે તેઓ કહેતા હતા:

મામૂને મને (એટલે કે અબ્દુલ્લાહ ઈબ્ને

બશીરને) મારી આંગળીઓના નખ વધારવાનું કહ્યું, પરંતુ કહ્યું કે તે વાતની જાણ કોઈને થવી જોઈએ નહીં. મેં તે પ્રમાણે કર્યું ત્યારે ખલીફાએ ફરીથી મને બોલાવ્યો. તેણે મને આંબલી જેવી કોઈ વસ્તુ લઈને આપી અને કહ્યું કે તેને તારા હાથથી ગૂંદી નાખ.

જ્યારે મેં તેને ગૂંદી નાખી, તો ખલીફા ઊઠીને જતો રહ્યો. તે ઈમામ રઝા (અ.)ની પાસે ગયો અને તેમને પૂછ્યું, "શું સમાચાર છે? હવે આપ કેમ છો?"

"હવે મને સારું છે," જવાબ મળ્યો.

"આજે મારી પણ તબીયત સારી છે, અલ્હમ્દોલિલ્લાહ," મામૂને કહ્યું, "શું કોઈ ખાદિમ આપની પાસે આજે આવ્યો હતો?"

"નહીં," આપ (અ.)એ જવાબ આપ્યો.

મામૂને ગુસ્સે થઈને પોતાના ખાદિમને દબડાવ્યો. ખલીફાએ તેને કહ્યું, "જલ્દીથી દાડમનો રસ કાઢીને લાવ. આ એવી વસ્તુઓમાંથી છે કે જેના વગર ચાલે નહીં."

પછી મામૂને મને બોલાવીને કહ્યું, "અર્કને તારા હાથોથી નિચોવી દે." મેં અર્ક નિચોવ્યો. મામૂને આ અર્ક ઈમામ રઝા (અ.)ને આપ્યો કે આપ (અ.) તેને પી લે. આ અર્ક જ ઈમામ (અ.)ની શહાદતનું કારણ બન્યો. બે દિવસ પછી ઈમામ (અ.) રેહલત ફરમાવી ગયા.

અબૂ સલ્ત હરવીની સનદથી રિવાયત છે કે તેઓ કહેતા હતા,

"હું (અબૂ સલ્ત હરવી) ઈમામ અલી રઝા (અ.)ની પાસે ગયો. મામૂન રશીદ તેના કમરામાંથી બહાર નીકળ્યો. ઈમામ (અ.)એ મને કહ્યું, "અબૂ સલ્ત! આ કામ તે લોકોએ કર્યું છે." પછી આપ (અ.)એ અલ્લાહની વહદાનિયતની ગવાહી આપી અને તેની બુઝુર્ગી બયાન કરી.

મોહંમદ ઈબ્ને જહમના હવાલાથી રિવાયત છે કે તેઓ કહેતા હતા,

ઈમામ અલી રઝા (અ.)ને દ્રાક્ષ પસંદ હતી. મામૂન રશીદે આપ (અ.) માટે થોડી દ્રાક્ષ મંગાવી અને તેની દાંડીઓના ભાગે સોય વડે કંઈક નાખ્યું. મેં (મોહંમદ ઈબ્ને જહમે) તે દ્રાક્ષ ઈમામ અલી રઝા (અ.)ને આપી. આપ (અ.)એ દ્રાક્ષ ખાધી તો આપ (અ.) જે બીમારીથી પીડાતા હતા તેનો પ્રભાવ વધી ગયો. એવું કહેવામાં આવે છે કે તે દ્રાક્ષમાં ઝેર ભેળવવામાં આવ્યું હતું.

જ્યારે ઈમામ રઝા (અ.) વફાત પામ્યા, તો મામૂને આપ (અ.)ની શહાદતની ખબર એક દિવસ અને એક રાત સુધી છુપાવી રાખી. પછી તેણે મોહંમદ ઈબ્ને જાફર સાદિક (અ.) અને અબૂ તાલિબ (અ.)ના કુટુંબીજનોને બોલાવ્યા. જ્યારે આ બધા લોકો આવ્યા, તો તેણે મગરનાં આંસુ સાર્યાં અને ખૂબ જ દુઃખી હોવાનો દેખાડો કરીને ઈમામ રઝા (અ.)ની શહાદતની ખબર આપી. તેણે ઈમામ રઝા (અ.)નો જનાઝા મુબારક બતાવ્યો કે જેમનું શરીર શહાદત પછી પણ તંદુરસ્ત હતું, અને કહ્યું, "મારા ભાઈ! હું કેવી રીતે માની લઉં કે

આપની રેહલત થઈ ગઈ છે. હું તો સમજતો હતો કે હું આપના પહેલાં દુનિયાથી જતો રહીશ, પરંતુ જે અલ્લાહને મંજૂર હતું તે થઈને રહ્યું."

પછી તેણે તેમના જનાઝાને ગુસ્લ આપવાનો, કફ્ન પહેરાવવાનો અને ખુશબૂ લગાવવાનો હુકમ આપ્યો. તે પછી તે જનાઝાની સાથે ને સાથે જનાઝાને કાંધો આપતાં આપતાં છેક આપ (અ.)ની જ્યાં હાલ તદ્ફીન થઈ છે તે સ્થળે આવ્યો ને આપ (અ.)ને ત્યાં દફ્ન કર્યા. તે સ્થળ તૂસ વિસ્તારના નૌકાન પાસેના સનાબાદ નામના ગામમાં હારૂન ઈબ્ને કહ્તબાનું ઘર હતું.

આ જગ્યાએ હારૂન રશીદની કબ્ર પણ હતી. ઈમામ અલી રઝા (અ.)ની કબ્ર (હારૂનની કબ્રના) સામે કિબ્લાની દિશામાં છે.

ઈમામ રઝા (અ.)એ પોતાની પાછળ ફક્ત એક ઓલાદ મૂકી કે જેઓ આપ (અ.)ના વારસદાર ઈમામ થયા. આપ (અ.)નું નામ અબૂ જાફર મોહંમદ ઈબ્ને અલી (અ.) છે. જ્યારે ઈમામ રઝા (અ.)ની શહાદત થઈ, ત્યારે આપ (અ.)ના ફરઝંદની ઉંમર સાત વર્ષ અને અમુક મહીનાની હતી.

*હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ હઝરત ઈસા (અ.) વિષે ફરમાવેલી એક હદીસમાં આવી રીતે બયાન કર્યું છે કે, "અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, "અય ઈસા! આપ મને આપના દિલમાં યાદ કરો, હું આપને મારા દિલમાં યાદ રાખીશ, અને આપ મને આપની મહેફિલમાં યાદ કરો, હું આપને મારી એ મહેફિલમાં યાદ કરીશ કે જે માણસોની મહેફિલ કરતાં વધારે સારી હશે.""*

*હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ એવું પણ ફરમાવ્યું છે કે, "અલ્લાહ પોતાના મોમિન બંદાઓને કેવળ સારી યાદ વડે જ યાદ રાખે છે, માટે તમે અલ્લાહને તમારા તરફથી ઈતાઅતની મહેનતની ભેટ આપતા રહો (કે જેથી અલ્લાહ તમારી નેકીઓને વધારે જુએ કે જેમના વડે તે તમને યાદ રાખી શકે)."*

*હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું છે કે, "રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "એક ફરિશ્તો એક આમાલનામાની સાથે દિવસની શરૂઆતમાં, અને રાતની શરૂઆતમાં, નાઝિલ થાય છે અને તેમાં આદમ (અ.)ની ઓલાદના આમાલ લખે છે, એટલે તમે તે આમાલનામાની શરૂઆતમાં પણ નેકી લખાવો, અને તેના અંતમાં પણ નેકી લખાવો, કારણ કે અલ્લાહ એ બન્ને નેકીઓ વચ્ચે જે કંઈ હશે તેની મગ્ફેરત કરી દેશે ઈન્શાઅલ્લાહ, કારણ કે તે કહે છે* اُذْكُرُوْنِیْٓ اَذْكُرْكُمْ *(તમે મને યાદ કરો, હું તમને યાદ રાખું).""[1]*

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફ્હા–૬૦

# AHAD™ SOLARTECH

# સોલાર અપનાવીએ,
# વિજબીલ બચાવીએ.

- ₹ 3000/- ના સરળ હપ્તે
- મેળવો ₹ 78,000/- સબસિડી
- શુન્ય ડાઉન પેમેન્ટ

5 વર્ષનો અનુભવ

5 STARS Rating on Google

## અનુભવ

| 2,200+ | 5+ | 3+ |
|---|---|---|
| ગ્રાહકો | વર્ષ અનુભવ | રાજ્યોમાં કરેલા કામ |

| 2,600+ | 25,000+ |
|---|---|
| આજ સુધી કરેલા પ્રોજેક્ટ | આજ સુધી લગાવેલા કિલોવોટ |



**+91 84011 03129 | +91 97234 59440**

**અહદ સોલારટેક**, બી-103, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠા, ગુજરાત - 383001




## اَلْبَابُ السَّادِسُ فِي الْفُتْيَا

## બાબ – ૬: ફતવા વિષે

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ: لَا يَحِلُّ الْفُتْيَا لِمَنْ لَّا يَصْطَفِيْ [يَسْتَفْتِيْ] مِنَ اللهِ تَعَالٰى بِصَفَآءِ سِرِّهٖ وَاِخْلَاصِ عَمَلِهٖ وَعَلَانِيَتِهٖ وَبُرْهَانٍ مِّنْ رَّبِّهٖ فِيْ كُلِّ حَالٍ، لِّاَنَّ مَنْ اَفْتٰى فَقَدْ حَكَمَ، وَالْحُكْمُ لَا يَصِحُّ اِلَّا بِاِذْنٍ مِّنَ اللهِ عَزَّ وَجَلَّ وَبُرْهَانِهٖ وَمَنْ حَكَمَ بِخَبَرٍ بِلَا مُعَايَنَةٍ فَهُوَ جَاهِلٌ مَّاْخُوْذٌ بِجَهْلِهٖ وَمَاْثُوْمٌ بِحُكْمِهٖ كَمَا دَلَّ الْخَبَرُ الْعِلْمُ نُوْرٌ يَّقْذِفُهُ اللهُ فِيْ قَلْبِ مَنْ يَّشَآءُ.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, “જે અલ્લાહ તઆલા તરફથી સાફ દિલ, અમલની અને જાહેરી નિખાલસતા, અને પોતાના રબ પાસેની દરેક પરિસ્થિતિની સાબિતીઓની સાથે પસંદ થયેલો (ફતવો જાણતો) ન હોય, તેના માટે ફતવો આપવો હલાલ નથી, કારણ કે જેણે ફતવો આપ્યો તેણે ફેંસલો કર્યો, અને ફેંસલો અલ્લાહ અઝ્ઝ વ જલ્લની રજા તથા તેની સાબિતી સિવાય સાચો નથી. જેણે કોઈ હદીસ ઉપર ઊંડા વિચાર કર્યા વગર ફેંસલો કરી લીધો, તો તે જાહિલ છે, અને પોતાની જેહાલતમાં સપડાયેલો છે, અને પોતાના ફેસલામાં ગુનાહગાર છે. જેવી રીતે કે હદીસ બતાવે છે કે, “ઈલ્મ એક એવું નૂર છે કે જેને અલ્લાહ ઈચ્છે છે તેના દિલમાં નાખે છે.”

قَالَ النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ: اَجْرَؤُكُمْ عَلَى الْفُتْيَآ اَجْرَؤُكُمْ عَلَى اللهِ عَزَّ وَجَلَّ، اَوَلَا يَعْلَمُ الْمُفْتِيْ اَنَّهٗ هُوَ الَّذِيْ يَدْخُلُ بَيْنَ اللهِ تَعَالٰى وَبَيْنَ عِبَادِهٖ وَهُوَ الْحَآئِرُ بَيْنَ الْجَنَّةِ وَالنَّارِ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, “તમારામાંથી જે ફતવા આપવામાં સૌથી વધારે દુ:સાહસી છે, તે અલ્લાહ સામે સૌથી વધારે દુ:સાહસી છે. શું ફતવો આપનાર નથી જાણતો કે તે એ છે કે જે અલ્લાહ તઆલા અને તેના બંદાઓ વચ્ચે દખલ કરે છે, અને તે જન્નત અને દોઝખ વચ્ચે ગૂંચવણમાં પડેલો છે?”

قَالَ سُفْيَانُ بْنُ عُيَيْنَةَ كَيْفَ يَنْتَفِعُ بِعِلْمِيْ غَيْرِيْ وَاَنَا قَدْ حَرَمْتُ نَفْسِيْ نَفْعَهَا، وَلَا تَحِلُّ الْفُتْيَا فِي الْحَلَالِ وَالْحَرَامِ بَيْنَ الْخَلْقِ اِلَّا لِمَنِ اتَّبَعَ الْحَقَّ مِنْ اَهْلِ زَمَانِهٖ وَنَاحِيَتِهٖ وَبَلَدِهٖ بِالنَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ وَعَرَفَ مَا يَصْلُحُ مِنْ فُتْيَاهُ.

સુફયાન ઈબ્ને ઉયૈનાએ કહ્યું કે, "મારા ઈલ્મ વડે બીજો કેવી રીતે ફાયદો ઉપાડશે, જ્યારે કે મેં પોતાની જાત માટે જ તેનો ફાયદો હરામ કરી દીધો છે? મખ્લૂક વચ્ચે હલાલ અને હરામના ફતવા આપવા એના માટે જ જાઈઝ છે કે જે પોતાના સમયના, આજુબાજુના તથા પોતાના વિસ્તારના લોકોમાંથી રસૂલલ્લાહ (સ.)ની પૈરવી કરીને સત્ય પર ચાલનારો હોય, અને જે વસ્તુ તેના ફતવાઓમાં સુધારણા કરનારી છે તેની માઅરેફત ધરાવતો હોય."

قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: وَذٰلِكَ لِرُبَّمَا وَلَعَلَّ وَلِعَسٰى لِاَنَّ الْفُتْيَا عَظِيْمَةٌ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "તે વસ્તુ 'કદાચ', 'સંભવતઃ' અને 'ઘણું કરીને' છે, કારણ કે ફતવા આપવા એ ખૂબ જ અઘરી બાબત છે."

قَالَ اَمِيْرُ الْمُؤْمِنِيْنَ عَلِيٌّ عَلَيْهِ السَّلَامُ لِقَاضٍ: هَلْ تَعْرِفُ النَّاسِخَ مِنَ الْمَنْسُوْخِ؟ قَالَ: لَا. قَالَ: فَهَلْ اَشْرَفْتَ عَلٰى مُرَادِ اللّٰهِ عَزَّ وَجَلَّ فِيْٓ اَمْثَالِ الْقُرْاٰنِ؟ قَالَ: لَا. قَالَ عَلَيْهِ السَّلَامُ: اِذًا هَلَكْتَ وَاَهْلَكْتَ، وَالْمُفْتِيْ يَحْتَاجُ اِلٰى مَعْرِفَةِ مَعَانِي الْقُرْاٰنِ وَحَقَآئِقِ السُّنَنِ وَبَوَاطِنِ الْاِشَارَاتِ وَالْاٰدَابِ وَالْاِجْمَاعِ وَالْاِخْتِلَافِ وَالْاِطِّلَاعِ عَلٰى اُصُوْلِ مَا اجْتَمَعُوْا عَلَيْهِ وَمَا اخْتَلَفُوْا فِيْهِ، ثُمَّ اِلٰى حُسْنِ الْاِخْتِيَارِ ثُمَّ اِلَى الْعَمَلِ الصَّالِحِ ثُمَّ اِلَى الْحِكْمَةِ ثُمَّ اِلَى التَّقْوٰى ثُمَّ حِيْنَئِذٍ اِنْ قَدَرَ.

અમીરુલ મોમિનીન અલી (અ.)એ એક કાઝીને ફરમાવ્યું કે, "શું તું નાસિખને મન્સૂખથી જુદી કરી શકે છે?" તો તેણે કહ્યું કે, "ના." તો ફરમાવ્યું કે, "તો શું તું અલ્લાહ અઝ્ઝ વ જલ્લની કુરઆનના દાખલાઓમાં શું મુરાદ છે તેને સૌથી સારી રીતે સમજનારો છે?" તો તેણે કહ્યું કે, "ના." તો ફરમાવ્યું કે, "આવી રીતે તો તું પોતે હલાક થઈ ગયો અને બીજાઓને હલાક કરી નાખ્યા." મુફ્તીને જરૂર હોય છે કુરઆનના અર્થની, હકીકતની, સુન્નતોની, છૂપી વસ્તુઓની, ઈશારાઓની, શિષ્ટાચારની, ઈજ્માઅ અને ઈખ્તેલાફની માઅરેફતની, અને જે વાત પર ઈજ્માઅ થઈ શકે કે ઈખ્તેલાફ થઈ શકે તેના ઉસૂલોની જાણકારીની, તે પછી યોગ્ય પસંદગીની, તે પછી નેક અમલની, તે પછી હિકમતની, તે પછી તક્વાની, તે પછી જ જો તે શક્તિમાન થઈ જાય (તો તે ફતવા આપે).""

# તહ્ઝીબુલ ઇસ્લામ

تہذیب الاسلام

લેખકઃ અલ્લામા મોહંમદ બાકિર મજલિસી
ઉર્દૂ અનુવાદકઃ મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી
ગુજરાતી અનુવાદકઃ હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

**પ્રકરણ–૩**

**ખાવા–પીવાના આદાબ**

**(૬) રોટી, સત્તુ (ઘઉંનો શેકેલો આટો), ગોશ્ત, ઘી અને જે ખોરાક પ્રાણીઓથી પ્રાપ્ત થાય છે, તેની અને સિરકા અને ગળપણની ફઝીલત**

મોઅતબર રિવાયતમાં હઝરત રસૂલે ખુદા (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “રોટલીની ઈજ્જત કરો, કેમ કે અર્શથી લઈને ફર્શ સુધી ઘણા ફરિશ્તાઓ અને જમીનના રહેવાવાળાઓએ કામ કર્યું છે, ત્યારે તમારા માટે રોટી તૈયાર થાય છે.” તે પછી ફરમાવ્યું કે, “એક દિવસ હઝરત દાનિયાલ (અ.) એક નાવિકની પાસે આવ્યા, અને તેને એક રોટી મહેનતાણા તરીકે આપી કે જેથી તેમને પેલે પાર ઉતારી દે. નાવિકે તે રોટલી એમની સામે લોકોના પગોમાં એવી રીતે ફેંકી દીધી કે તે કચડાઈ ગઈ અને કહ્યું કે, “હું આ રોટલીને શું કરું?” હઝરત દાનિયાલ (અ.)એ પોતાનું માથું આસમાનની તરફ ઊંચું કરીને અરજ કરી, “પરવરદિગારે આલમ! તું રોટલીની ઈજ્જત કર. તે જોયું કે આ બંદાએ રોટલી સાથે કેવું વર્તન કર્યું અને તેં સાંભળ્યું કે એણે શું કહ્યું.” ખુદાવંદે આલમે આસમાનને હુકમ આપ્યો કે વરસાદ ન વરસે, અને જમીનને હુકમ આપ્યો કે ઘાસ ન ઊગે, અહીં સુધી કે લોકોની એ સ્થિતિ થઈ ગઈ કે ભૂખના માર્યા એકબીજાને ખાવા લાગ્યા. બે સ્ત્રીઓનું વર્ણન છે કે દરેકને એક એક બાળક હતું. એકે બીજીને કહ્યું કે, “આજે હું અને તું મળીને મારા બચ્ચાને ખાઈ લઈએ અને કાલે આપણે બન્ને તારા બચ્ચાને ખાઈ લઈશું.” જ્યારે બીજી સ્ત્રીના બાળકનો વારો આવ્યો, તો તેણે પોતાના બાળકને ખાવાથી ઈન્કાર કરી દીધો. તેના પર ઝઘડો પેદા થયો અને આ કિસ્સો હઝરત દાનિયાલ (અ.)ની સામે રજૂ થયો. હઝરત દાનિયાલ (અ.)એ પૂછ્યું કે, “શું હવે લોકોની સ્થિતિ અહીં સુધી પહોંચી ગઈ છે?” અરજ કરી કે, “હા.” આ સાંભળીને હઝરત દાનિયાલ (અ.)એ દુઆ માટે હાથ આસમાન તરફ ઉઠાવ્યા અને અરજ કરી કે, “પરવરદિગાર! હવે ફરીથી ફઝલ કર અને રહમત નાઝિલ ફરમાવ અને નિર્દોષ બાળકો પર એ નાવિકના વાંકના કારણે

અઝાબ નાઝિલ ન કર." હક તઆલાએ આસમાનને હુકમ કર્યો કે, "તું મારી મખ્લૂક માટે એ વનસ્પતિ પેદા કર કે જે આ સમય સુધી તે લોકોને નસીબ નથી થઈ, કેમ કે મને આ નાની ઉંમરના બાળકોના કારણે દયા આવી ગઈ.""

સહીહ અને ગેરસહીહ સનદથી હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "રોટલીને સાલનના વાટકાની નીચે ન રાખો."

બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, "રોટીની ઈજ્જત કરો." લોકોએ પૂછ્યું કે, "રોટલીની ઈજ્જત કેવી રીતે થઈ શકે છે?" ઈર્શાદ ફરમાવ્યો કે, "જ્યારે રોટલી તમારી સામે આવે, ત્યારે ખાવા માંડો અને કોઈ વસ્તુની રાહ ન જુઓ."

હઝરત રસૂલે ખુદા (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જંગલી જાનવરોની માફક રોટલીને ન સૂંઘો, કેમ કે રોટલી એવી બરકતવાળી વસ્તુ છે કે તેના વડે તમે નમાઝ પઢો છો, તેના વડે જ રોઝા રાખો છો, અને તેના જ કારણે હજ્જે બૈતુલ્લાહ અદા કરો છો."

બીજી રિવાયતમાં ફરમાવ્યું છે કે, "અય અલ્લાહ! રોટલીમાં અમારા માટે બરકત આપ, અને અમારામાં અને રોટલીમાં જુદાઈ ન કર, કેમ કે જો રોટલી નહીં હોય, તો ન અમારાથી નમાઝ થઈ શકશે, ન રોઝા અને ન કોઈ તારી બીજી ફરજ."

એક બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, "જ્યારે ગોશ્ત અને રોટલી તમારી સામે આવે, તો શરૂઆત રોટીથી કરો, અને ભૂખની તીવ્રતાને રોટીથી ઘટાડો એ પછી ગોશ્ત ખાઓ."

સહીહ સનદથી હઝરત ઈમામ અલી રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત રિસાલત મઆબ (સ.)એ ફરમાવ્યું છે કે, "રોટલી નાની નાની પકાવો, કેમ કે એમાં દરેક માટે બરકત છે.""

કેટલીક મોઅતબર હદીસોમાં નકલ કરવામાં આવ્યું છે કે, "રોટલીને ગેરકોમોની માફક છરીથી ન કાપો, પરંતુ હાથથી તોડો." કેટલીક રિવાયતોમાં એમ વર્ણવવામાં આવ્યું છે કે, "જો રોટલીની સાથે કોઈ વસ્તુ ખાવાની ન હોય, તો એ સ્થિતિમાં રોટલીને છરીથી કાપી શકો છો."

સહીહ હદીસમાં હઝરત ઈમામ અલી રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જવની રોટલીની ફઝીલત ઘઉંની રોટલી પર એટલી છે કે જેટલી અમારી અહલેબૈત (અ.)ની ફઝીલત તમામ લોકો પર. એક પયગમ્બર પણ એવા નથી થયા કે જેમણે જવની રોટલી કે રાબ ખાવાવાળા માટે દુઆ ન કરી હોય. અને જે વ્યક્તિ જવની રાબ કે જવની રોટલી ખાશે, તેના પેટમાં કોઈ દર્દ બાકી નહીં રહે. અને જવની રોટલી અથવા જવનું કોઈ બીજા પ્રકારનું ખાણું નેક લોકો અને પયગમ્બરો માટે શક્તિ છે. હક તઆલાએ પયગમ્બરોની શક્તિ

જવની રોટીથી જ મુકર્રર ફરમાવી છે." અને એ પણ ફરમાવ્યું છે કે, "ક્ષય (ટીબી)ના રોગી માટે ચાવલ અને જવની રોટીથી ઉત્તમ કોઈ દવા નથી."

બીજી રિવાયતમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "સંગ્રહણી (ઝાડાનો રોગ) અને ક્ષય (ટીબી)વાળા માટે જવની રોટલીથી ઉત્તમ કોઈ વસ્તુ નથી, અને આ રોટલીનો ગુણ એ છે કે દરેક પ્રકારના શરીરના દર્દને દૂર કરી દે છે."

બીજી હદીસમાં આ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત રસૂલે ખુદા (સ.) જ્યાં સુધી દુનિયામાં રહ્યા, ત્યાં સુધી સતત જવની રોટી ખાતા રહ્યા."

સહીહ હદીસમાં હઝરત ઈમામ અલી રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "સત્તુ (શેકેલા જવનો આટો) ઉત્તમ ખોરાક છે, ભૂખ્યાનું એનાથી પેટ ભરાય છે અને પેટ ભરેલાનું હજમ થાય છે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "સત્તુ ખુદા તઆલાની વહી પ્રમાણે તૈયાર કરવામાં આવ્યું છે, એટલા જ કારણે ગોશ્તને વધારે છે, હાડકાંને મજબૂત કરે છે અને તે પયગમ્બરોનો ખોરાક છે. સૂકું સત્તુ ખાવાથી સફેદ કોઢ નીકળી જાય છે અને ઝૈતૂનના તેલમાં મિલાવી ખાવાથી સ્થૂળતા આવે છે. હાડકાં મજબૂત થાય છે, ચહેરાની સુંદરતામાં વધારો થાય છે અને જાતીય શકિત વધે છે. અને જો સૂકું સત્તુ ત્રણ વખતે નરણે કોઠે ફાકવામાં આવે, તો કફ અને પિત્તને દૂર કરે છે."

બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, "સત્તુ સિત્તેર પ્રકારની બલાઓને દૂર કરે છે અને જે વ્યકિત ચાલીસ દિવસ સુધી સવારે સત્તુ ખાય, તેના બન્ને ખભાઓ મજબૂત થાય છે."

બીજી હદીસમાં ફરમાવ્યું કે, "સત્તુ તરસની તીવ્રતાને દૂર કરે છે, જઠરને શકિત આપે છે, પિત્તને દૂર કરે છે, પેટને સાફ કરે છે, સિત્તેર પ્રકારના રોગો માટે શિફા છે અને લોહીના દબાણને અને ગરમીને દૂર કરે છે."


સહીહ હદીસમાં હઝરત ઈમામ મોહંમદ તકી (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે સ્ત્રીનું હૈઝનું લોહી બંધ ન થતું હોય, તેને સત્તુ પિવડાવો તો બંધ થઈ જશે."

બીજી સહીહ હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે જે વસ્તુની સાથે રોટી ખાઈ શકો છો, તે બધામાં દુનિયા અને આખેરતમાં ગોશ્ત બહેતર છે. શું તમે સાંભળ્યું નથી કે ખુદા તઆલા બેહિશ્તની સિફતોમાં ફરમાવો છે:

وَلَحْمِ طَيْرٍ مِّمَّا يَشْتَهُوْنَ ۝٢١

(પક્ષીઓનું ગોશ્ત ખાવા મળશે, જે પ્રકારની ઈચ્છા ધરાવો.)"

(ક્રમશઃ)


ZAHAB
JEWELLERS
હવે, ધોળકા અને
હિંમતનગર શહેરમાં
ભવ્ય શો-રૂમ સાથે
જ્યાં ભરોસો, ભવ્યતા
અને શણગારની દુનિયા
Zahab Jewellers
100%
100%
+91 99254 22977
દુકાન નંબર બી6-બી7-બી8 ગ્રાઉન્ડ ફ્લોર, શાંતમ-7,
આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠ,
ગુજરાત-383001
+91 95371 12977
ગ્રોઉન્ડ ફ્લોર, અમન કોમ્પ્લેક્સ, અમન પાર્ક
પાસે, બાલાસ ચોકડી, ધોળકા-બાવળા હાઈવે,
ધોળકા, ગુજરાત-382225
સ્થાપક: અકબરઅલી આઈ. ચારોલીયા (સેદ્રાણા)
www.zahabjewellers.com

# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર          અનુવાદક: મોમિન સખાવતઅલી સુણસરા

## વિભાગ–૧

## ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૩: શરીઅત

**અર્થશાસ્ત્ર**

અર્થશાસ્ત્ર વિષેના ઈસ્લામી ઉપદેશોની વાત કરીએ તો તે સમાજલક્ષી ઉપદેશો સાથે જોડાયેલા જ છે, જે કુરઆન અને હદીસ તેમ જ ઈસ્લામી સમાજના ઈતિહાસમાં તેમનામાંથી સતત વિકસેલા અમલો સાથે પણ ગાઢ રીતે જોડાયેલ છે. એક પરિવાર પોતે જ પોતાના સભ્યો માટે આર્થિક સંરક્ષણ પૂરું પાડે છે, અને આ ઉપદેશોની સાથેસાથે સમાજલક્ષી ઉપદેશોને પણ નિભાવી રહ્યો છે — એમ કહી શકાય. અને અર્થવ્યવસ્થામાં ઉમ્મતનું પણ ઘણું જ મહત્ત્વ રહેલું છે, કારણ કે ઈસ્લામના સમ્રગ ઈતિહાસમાં મોટાભાગના વિનિમયો, વેપાર અને આર્થિક વ્યવહારો ઈસ્લામી દુનિયા (દારુલ ઈસ્લામ)ના અલગ અલગ વિસ્તારો વચ્ચે જ થયા હતા. એવું નથી કે આ વેપાર ગેરમુસ્લિમો સાથે કરવામાં નહોતો આવતો, પરંતુ મોટાભાગની વેપારી પ્રવૃત્તિઓ મુસલમાનોની વચ્ચે જ થતી હતી, અને ઉમ્મતમાં થતા આ આર્થિક વ્યવહારોને હંમેશાં સારી નેકી તરીકે જોવામાં આવતા હતા. વધુમાં, અમુક અહ્‌કામ, ખાસ કરીને હજ કે જેના માટે ઈસ્લામી દુનિયાના તમામ મુસલમાનો પવિત્ર મક્કા શહેરમાં ભેગા થતા હતા, તેણે આર્થિક આપ–લેની સાથેસાથે ઈસ્લામી દુનિયાના અલગઅલગ વિસ્તારોની બરકતોની — જે વસ્તુઓની આપ–લેની સાથે મળતી હતી, તેની— આપ–લેને પણ સરળ બનાવી હતી.

ઈસ્લામી અર્થવ્યવસ્થાના ઉપદેશો હંમેશાં નૈતિક મૂલ્યો સાથે સંબંધિત હોય છે અને મુખ્યત્વે ન્યાય પર આધારિત હોય છે, આ ન્યાય સમાજના કોઈ ખાસ વર્ગ કે જૂથના લોકોને નુકસાન ન થાય તે રીતે સંપત્તિના અતિશય સંગ્રહને રોકે છે, તથા સંપત્તિના સંગ્રહને મહેનત સાથે જોડે છે, અને મૂડી તથા આવકના દુરુપયોગને રોકે છે. અર્થતંત્ર વિષેના જટિલ ઈસ્લામી ઉપદેશો કેટલાક મૂળભૂત સિદ્ધાંતો પર આધારિત છે, જેમના અમલીકરણને

લઈને સદીઓથી ઘણી ચર્ચા થતી રહી છે, પરંતુ આ સિદ્ધાંતોને સમ્રગ ઈસ્લામી દુનિયાના ઈતિહાસમાં લગભગ બધા જ મુખ્ય ફકીહોએ ઓછા–વત્તા અંશે સ્વીકાર્યા છે. પ્રથમ અને અત્યંત મહત્ત્વનો સિદ્ધાંત મિલ્કત સાથે સંબંધિત છે કે જે છેવટે તો અલ્લાહ તઆલા (سُبْحَانَهُ وَتَعَالَىٰ)ની જ છે. પરંતુ સાથેસાથે, માણસ ધરતી પર અલ્લાહ તઆલાનો ખલીફા હોવાના લીધે, તેને ખાનગી મિલ્કતનો અધિકાર પણ આપવામાં આવ્યો છે. જો કે, આનો મતલબ એ છે કે ખાનગી મિલ્કત અલ્લાહ દ્વારા વ્યક્તિગત માણસોને આપવામાં આવેલ વિશેષાધિકાર છે, સાથેસાથે તે અલ્લાહ દ્વારા આપવામાં આવેલ એક મુકદ્દસ અધિકાર પણ છે. પરિણામે, કોઈ પણ હુકૂમત અથવા સામાજિક જૂથ તેને અસાધારણ સંજોગોમાં અને માત્ર શરીઅતના ઉપદેશો પરથી ઊતરી આવેલા કાયદાઓના આધારે જ તેના પર કબજો મેળવી શકે છે.

બીજો સિદ્ધાંત, માણસની મહેનત અને સંપત્તિના સંગ્રહ વચ્ચેના સંબંધને, તથા કોઈ પણ આર્થિક વ્યવહારમાં નફા–નુકસાનનું જોખમ ઉઠાવવાના મહત્ત્વને દર્શાવતો સિદ્ધાંત છે. એટલા જ માટે રિબા (વ્યાજખોરી) શરીઅતે ઈસ્લામમાં હરામ છે, કુરઆને મજીદની આ સ્પષ્ટ આયતના અનુસાર: “એ લોકો કે જેઓ રિબાને ખાય છે તેઓ નથી ઊભા રહી શકતા સિવાય કે જે રીતે ઊભો રહે છે એ માણસ કે જેને ઘેનમાં લાવી દીધો હોય શયતાને સ્પર્શના કારણે. આ એટલા માટે કે તેમણે કહ્યું કે, ‘‘વેપાર પણ રિબા જેવો જ તો છે!’’ જ્યારે કે અલ્લાહે વેપારને હલાલ કર્યો છે અને રિબાને હરામ કરી છે.” (સૂરા બકરા, આયત–૨૭૫) આ વિષય પર ઘણી હદીસો પણ મોજૂદ છે. પરિણામે, મુસલમાન ફકીહોએ સદીઓથી રિબા પર પ્રતિબંધ મૂક્યો છે. આ નિષેધ ફક્ત રિબા એટલે કે ખૂબ ઊંચા વ્યાજદરો વસૂલવા પૂરતો જ મર્યાદિત નથી, પરંતુ એવા વ્યાજદરને પણ આવરી લે છે કે જેમાં મૂળ મૂડીનું નુકસાન થવાનું કોઈ જોખમ ન રહેલું હોય. જો કે, જો કોઈ માણસ મૂડીનો ઉપયોગ માલસામાન ખરીદવા કે વેચવા માટે કરે, તો તે માન્ય ગણાશે, ભલે ને પછી તે ખૂબ જ ધનવાન જ કેમ ન થઈ જાય.

ઈસ્લામી અર્થવ્યવસ્થાની એક મહત્ત્વની લાક્ષણિકતા છે આર્થિક જીવનમાં સીધા જ માનવીય સંબંધો. સમગ્ર ઈસ્લામી ઈતિહાસમાં, આર્થિક જીવન હંમેશાં વ્યક્તિગત અને રૂબરૂ મુલાકાતો સાથે સંબંધિત રહ્યું છે, અને આધારિત રહ્યું છે આ રૂબરૂ માનવીય મુલાકાતોમાંના પરસ્પરના ભરોસા પર. આર્થિક જીવનનું અમાનવીયકરણ કે જે આધુનિક દુનિયાની ખાસિયત છે તે પરંપરાગત ઈસ્લામી શૈલીમાં ક્યાંય જોવા મળતું નથી. ઈસ્લામી દુનિયાની મોટાભાગની આર્થિક પ્રવૃત્તિઓ બજારમાં જ થતી હતી, તે હંમેશથી અને અમુક અંશે આજે પણ એક એવી જગ્યા રહી છે કે જે અમાનતદારી, માનવીય સંબંધો, નેક કાર્યો અને પરસ્પરના સંપર્કોની તાત્પર્યતા પર આધારિત છે.

આધુનિક દુનિયાની આધુનિક આર્થિક વ્યવસ્થામાં વ્યક્તિગત માનવીય મૂલ્યોની અવગણના કરવામાં આવે છે અને તેમાં વેપારના મોટા એકમો ખાનગી અને નાના વેપારોનું શોષણ કરે છે ત્યાં માનવીય સંબંધોની આ સુંદર પરંપરા વિસરાઈ ગઈ છે.

ઈસ્લામી દુનિયાની પરંપરાગત આર્થિક પ્રવૃત્તિ વ્યક્તિ અથવા પરિવાર પર આધારિત હતી. અને પરિવાર તથા આર્થિક એકમ એકબીજાના પૂરક હતા અને એકબીજાની સમૃદ્ધિ માટે હંમેશાં પ્રયત્નશીલ રહેતા હતા. વધુમાં, જ્યાં સુધી સમાજના આર્થિક જીવનનો સવાલ છે તો પરિવારનાં ઘણાં નેક કાર્યો કે જેનો અગાઉ ઉલ્લેખ કરવામાં આવ્યો તે પણ સમાજની આર્થિક પ્રવૃત્તિને પ્રભાવિત કરે છે. અલ્લાહને હાઝિરો નાઝિર માનવાની સભાનતા અને માનવતાનું તત્ત્વ સદાથી સાથેને સાથે રહ્યું છે, અને અર્થવ્યવસ્થા ક્યારેય નૈતિક મૂલ્યોથી વિખૂટી પડી નથી. હંમેશથી ઈસ્લામી આર્થિક ફિલોસૉફીએ સતત પ્રયત્નશીલ રહેવા પર, જીવનનિર્વાહ કમાવવા પર, આળસથી દૂર રહેવા પર, અને મહેનત તથા પ્રયત્નોની સાથે અલ્લાહ પર તવક્કુલ રાખવા પર, અને પોતાના માટે તથા પોતાના પરિવાર માટે આજીવિકાને પૂરી પાડવાના કાર્યને એક દીની વાજિબાત તરીકે માનવા પર ભાર મૂક્યો છે. કામના આર્થિક પાસાને હંમેશાં એક દીની વાજિબાત તરીકે માનવામાં આવે છે, અને તેને ક્યારેય ઈબાદતથી અલગ માનવામાં નથી આવ્યું. હદીસ અને કુરઆનની તફસીરો પર આધારિત ઘણા ઉપદેશો સદીઓથી આ સત્ય પર પ્રકાશ નાખતા રહ્યા છે. આ સ્ત્રોતો ભારપૂર્વક ઉલ્લેખ કરે છે કે પંજગાના નમાઝને અદા કરવી જેટલી વાજિબ છે એટલું જ જીવનનિર્વાહ માટે પ્રયત્નશીલ રહેવું પણ વાજિબ છે. આ જ કારણે પરંપરાગત ઈસ્લામી આર્થિક જીવનના લગભગ દરેક પાસામાં દીની તત્ત્વને શામિલ કરવામાં આવ્યું છે, અને આ હકીકતે આ જીવનને નૈતિક અને રૂહાની અર્થ આપ્યો છે જે આધુનિક દુનિયામાંની આર્થિક પ્રવૃત્તિથી ઘણો જ અલગ પડે છે. આ નૈતિક વિચારો અને વલણોનો અમુક ભાગ આજે પણ ઈસ્લામી દુનિયાના આધુનિક ભાગોમાં જીવંત છે, પરંતુ ખૂબ જ ફિક્કો પડી ગયો છે, કેમ કે આર્થિક જીવનને સંબંધિત ખાસ ઈસ્લામી હુકમો ઈસ્લામી દુનિયાના ઘણા પ્રદેશો અને વિસ્તારોમાં ઝાંખા થઈ ગયા છે.

**ગડમથલ નં.૩૯૪નો ઉકેલ**

<u>**આડી ચાવીઓ:**</u> (૧) અલમનાક (૪) ગઝવાત (૭) સદા (૯) ઈસાર (૧૦) મગરૂર (૧૨) ફરેબ (૧૩) તવાફ (૧૪) આફત (૧૫) સાદાત (૧૬) સગીર (૧૯) સબ (૨૦) સબબ (૨૧) પરી (૨૩) કરતબ (૨૫) રહના (૨૭) બશર (૨૯) ખુશ (૩૦) સિરકા (૩૨) ઈર્ફાન (૩૩) કદમ (૩૪) ગર <u>**ઊભી ચાવીઓ:**</u> (૧) અલામત (૨) મસરૂફ (૩) નાદાર (૫) ઝઈફ (૬) તરબતર (૮) શરાફત (૧૧) ગવારા (૧૪) આદા (૧૫) સાબર (૧૬) સબર (૧૭) ગીબત (૧૮) બેપરવાઈ (૨૦) સકર (૨૨) રીહ (૨૪) બદકાર (૨૬) નાખુન (૨૮) શહદ (૩૧) રગ (૩૧) લહૂ



Trusted Since
2014
MARVEL
JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઇન્સ સાથે
વર્ષોનો વિશ્વાસ
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
મારવેલ જ્વેલર્સની મેનેજમેન્ટની શાખાઓ
મુંબઈ
દુ.નં. 3/એ, હરયુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી,
ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ,
જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર,
તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ,
છાપી હાઈવે-385210
+91 76988 29593
વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની
બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા,
જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર
ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ,
જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
સુરત
HAYATT JEWELLERS
ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 1-2-3, બ્લોસમ એવન્યુ,
અડાજણ પાટીયા, સુરત પીન-૩૯૫૦૦૯
+91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com



# ઈબાદાત

## માહે રમઝાનુલ મુબારકના આમાલ

**માહે રમઝાનની છેલ્લી રાતના આમાલ:**

- ગુસ્લ કરવું.
- હઝરત ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત પઢે.

સૂરા અન્આમ, સૂરા કહ્ફ અને સૂરા યાસીનની તિલાવત કરવી, અને એકસો વખત આ મુજબ પઢે:

اَسْتَغْفِرُ اللّٰهَ وَاَتُوْبُ اِلَيْهِ

- આ મુજબ દુઆ પઢે:

اَللّٰهُمَّ هٰذَا شَهْرُ رَمَضَانَ الَّذِیٓ اَنْزَلْتَ فِيْهِ الْقُرْاٰنَ، وَقَدْ تَصَرَّمَ وَاَعُوْذُ بِوَجْهِكَ الْكَرِيْمِ يَا رَبِّ اَنْ يَّطْلُعَ الْفَجْرُ مِنْ لَّيْلَتِیْ هٰذِهٖ، اَوْ يَتَصَرَّمَ شَهْرُ رَمَضَانَ وَلَكَ قِبَلِیْ تَبِعَةٌ اَوْ ذَنْبٌ تُرِيْدُ اَنْ تُعَذِّبَنِیْ بِهٖ يَوْمَ اَلْقَاكَ

- સહીફએ કામેલાની ૪૫મી દુઆ પઢે.

**માહે રમઝાનની વિદાયની દુઆ પઢે:**

اَللّٰهُمَّ لَا تَجْعَلْهُ اٰخِرَ الْعَهْدِ مِنْ صِيَامِیْ لِشَهْرِ رَمَضَانَ وَاَعُوْذُبِكَ اَنْ يَّطْلُعَ فَجْرُ هٰذِهِ اللَّيْلَةِ اِلَّا وَقَدْ غَفَرْتَ لِیْ

**વિદાયની બીજી એક દુઆ આ પ્રમાણે છે:**

اَللّٰهُمَّ لَا تَجْعَلْهُ اٰخِرَ الْعَهْدِ مِنْ صِيَامِنَا اِيَّاهُ فَاِنْ جَعَلْتَهٗ فَاجْعَلْنِیْ مَرْحُوْمًا وَّلَا تَجْعَلْنِیْ مَحْرُوْمًا

હઝરત ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવે છે કે માહે રમઝાનના છેલ્લા દસ દિવસોની રાત્રીઓમાં

આ મુજબ દુઆ પઢે:

اَعُوْذُ بِجَلَالِ وَجْهِكَ الْكَرِيْمِ اَنْ يَّنْقَضِيَ عَنِّيْ شَهْرُ رَمَضَانَ اَوْ يَطْلُعَ الْفَجْرُ مِنْ لَّيْلَتِيْ هٰذِهٖ وَلَكَ قِبَلِيْ ذَنْبٌ اَوْ تَبِعَةٌ تُعَذِّبُنِيْ عَلَيْهِ

હઝરત ઈમામ જાફર સાદિક (અ.) રમઝાનુલ મુબારકના છેલ્લા દસ દિવસોની રાત્રીઓમાં વાજિબ અને સુન્નત નમાઝોની અદાયગી પછી આ દુઆ પઢતા હતા:

اَللّٰهُمَّ اَدِّ عَنَّا حَقَّ مَا مَضٰى مِنْ شَهْرِ رَمَضَانَ وَاغْفِرْ لَنَا تَقْصِيْرَنَا فِيْهِ وَتَسَلَّمْهُ مِنَّا مَقْبُوْلًا وَّلَا تُؤَاخِذْنَا بِاِسْرَافِنَا عَلٰى اَنْفُسِنَا وَاجْعَلْنَا مِنَ الْمَرْحُوْمِيْنَ وَلَا تَجْعَلْنَا مِنَ الْمَحْرُوْمِيْنَ

હઝરત ઈમામ જાફર સાદિક (અ.) માહે રમઝાનની છેલ્લી દસ રાત્રીઓમાં આ દુઆ પઢતા હતા:

اَللّٰهُمَّ اِنَّكَ قُلْتَ فِيْ كِتَابِكَ الْمُنْزَلِ شَهْرُ رَمَضَانَ الَّذِيْ اُنْزِلَ فِيْهِ الْقُرْاٰنُ هُدًى لِّلنَّاسِ وَبَيِّنَاتٍ مِّنَ الْهُدٰى وَالْفُرْقَانِ فَعَظَّمْتَ حُرْمَةَ شَهْرِ رَمَضَانَ بِمَا اَنْزَلْتَ فِيْهِ مِنَ الْقُرْاٰنِ وَخَصَصْتَهٗ بِلَيْلَةِ الْقَدْرِ وَجَعَلْتَهَا خَيْرًا مِّنْ اَلْفِ شَهْرٍ اَللّٰهُمَّ وَهٰذِهٖ اَيَّامُ شَهْرِ رَمَضَانَ قَدِ انْقَضَتْ وَلَيَالِيْهِ قَدْ تَصَرَّمَتْ وَقَدْ صِرْتُ يَا اِلٰهِيْ مِنْهُ اِلٰى مَا اَنْتَ اَعْلَمُ بِهٖ مِنِّيْ وَاَحْصٰى لِعَدَدِهٖ مِنَ الْخَلْقِ اَجْمَعِيْنَ فَاَسْئَلُكَ بِمَا سَئَلَكَ بِهٖ مَلٰٓئِكَتُكَ الْمُقَرَّبُوْنَ وَاَنْبِيَآؤُكَ الْمُرْسَلُوْنَ وَعِبَادُكَ الصَّالِحُوْنَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَّاَنْ تَفُكَّ رَقَبَتِيْ مِنَ النَّارِ وَتُدْخِلَنِي الْجَنَّةَ بِرَحْمَتِكَ وَاَنْ تَتَفَضَّلَ عَلَيَّ بِعَفْوِكَ وَكَرَمِكَ وَ تَتَقَبَّلَ تَقَرُّبِيْ وَ تَسْتَجِيْبَ دُعَآئِيْ وَتَمُنَّ عَلَيَّ بِالْاَمْنِ يَوْمَ الْخَوْفِ مِنْ كُلِّ هَوْلٍ اَعْدَدْتَّهٗ لِيَوْمِ الْقِيَامَةِ اِلٰهِيْ وَاَعُوْذُ بِوَجْهِكَ الْكَرِيْمِ وَبِجَلَالِكَ الْعَظِيْمِ اَنْ يَّنْقَضِيَ اَيَّامُ شَهْرِ رَمَضَانَ وَلَيَالِيْهِ وَلَكَ قِبَلِيْ تَبِعَةٌ اَوْ ذَنْبٌ تُؤَاخِذُنِيْ بِهٖ اَوْ خَطِيْئَةٌ تُرِيْدُ اَنْ تَقْتَصَّهَا مِنِّيْ لَمْ تَغْفِرْهَا لِيْ سَيِّدِيْ سَيِّدِيْ سَيِّدِيْ اَسْئَلُكَ يَا لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ اِذْ لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ اِنْ كُنْتَ رَضِيْتَ عَنِّيْ فِيْ هٰذَا الشَّهْرِ فَازْدَدْ عَنِّيْ رِضًا وَّاِنْ لَّمْ تَكُنْ رَّضِيْتَ عَنِّيْ فَمِنَ الْاٰنَ فَارْضَ عَنِّيْ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ يَا اَللّٰهُ يَا اَحَدُ يَا صَمَدُ يَا مَنْ لَّمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ

(અને પછી આ ઝિક્ર વધુ વખત પઢે.)

يَا مُلَيِّنَ الْحَدِيْدِ لِدَاوُدَ عَلَيْهِ السَّلَامُ يَا كَاشِفَ الضُّرِّ وَالْكُرَبِ الْعِظَامِ عَنْ اَيُّوْبَ عَلَيْهِ

السَّلَامُ اَیْ مُفَرِّجَ هَمِّ يَعْقُوْبَ عَلَيْهِ السَّلَامُ اَیْ مُنَفِّسَ غَمِّ يُوْسُفَ عَلَيْهِ السَّلَامُ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ كَمَا اَنْتَ اَهْلُهٗ اَنْ تُصَلِّيَ عَلَيْهِمْ اَجْمَعِيْنَ وَافْعَلْ بِيْ مَا اَنْتَ اَهْلُهٗ وَلَا تَفْعَلْ بِيْ مَا اَنَا اَهْلُهٗ

## માહે શવ્વાલુલ મુકર્રમના આમાલ

**પહેલી શવ્વાલની રાત:**

પહેલી શવ્વાલની રાત બરકતવાળી રાતોમાંથી છે. તેની ફઝીલત, રાત્રીજાગરણ, ઈબાદત અને સવાબ સંબંધિત ઘણી બધી હદીસો વારિદ થઈ છે. રિવાયતમાં છે કે આ રાત મર્તબામાં શબે કદ્રથી કંઈ કમ નથી, અને એમાંના થોડાક આમાલ નીચે મુજબ છે:

(૧) સૂર્ય આથમે તે વખતે ગુસ્લ કરે.

(૨) નમાઝ, દુઆ, ઈસ્તિગ્ફાર અને અલ્લાહ આગળ હાજતો તલબ કરે અને મસ્જિદમાં જાગીને રાત પસાર કરે.

(૩) નમાઝે મગરિબ, ઈશા, ફજ્ર અને નમાઝે ઈદ પછી આ તકબીરો પઢે:

اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ وَلِلّٰهِ الْحَمْدُ، اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى مَا هَدَانَا وَلَهُ الشُّكْرُ عَلٰى مَا اَوْلَانَا

(૪) મગરિબની વાજિબ અને નાફેલા નમાઝ પછી હાથ બુલંદ કરીને આ મુજબ પઢે:

يَا ذَا الْمَنِّ وَالطَّوْلِ يَا ذَا الْجُوْدِ يَا مُصْطَفِيَ مُحَمَّدٍ وَّنَاصِرَهٗ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَّاغْفِرْ لِيْ كُلَّ ذَنْبٍ اَحْصَيْتَهٗ وَهُوَ عِنْدَكَ فِيْ كِتَابٍ مُّبِيْنٍ

પછી સજ્દાની હાલતમાં એકસો વખત اَتُوْبُ اِلَى اللّٰهِ પઢે. એના પછી પોતાની જે હાજત હોય તે માગે.

નમાઝે મગરિબથી ફારેગ થયા પછી સજ્દામાં જઈ આ મુજબ પઢે.

يَا ذَا الْحَوْلِ يَا ذَا الطَّوْلِ يَا مُصْطَفِيًا مُّحَمَّدًا وَّنَاصِرَهٗ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَّاغْفِرْ لِيْ كُلَّ ذَنْبٍ اَذْنَبْتُهٗ وَنَسِيْتُهٗ اَنَا وَهُوَ عِنْدَكَ فِيْ كِتَابٍ مُّبِيْنٍ

ત્યાર પછી એકસો વખત اَتُوْبُ اِلَى اللّٰهِ પઢે.

(૫) ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત પઢે, તેની ફઝીલત ઘણી વધારે છે.

(૬) બે રકાત નમાઝ પઢે. પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી એક હજાર વખત સૂરા તોહીદ પઢવો, અને બીજી રકાતમાં સૂરા હમ્દ પછી એક વખત સૂરા તોહીદની કિરઅત કરવી. નમાઝની સલામ પૂરી કર્યા પછી સજ્દામાં જઈને બસો વખત આ મુજબ પઢે:

اَتُوْبُ اِلَى اللّٰهِ

પછી આ પઢે:

يَا ذَا الْمَنِّ وَالْجُوْدِ يَا ذَا الْمَنِّ وَالطَّوْلِ يَا مُصْطَفِيَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ وَافْعَلْ بِيْ كَذَا وَكَذَا

وَافْعَلْ بِيْ كَذَا وَكَذَا ના બદલે પોતાની હાજતો માગવી.

(૭) ચૌદ રકાત નમાઝ બજાવી લાવે કે જેમાં દરેક રકાતમાં સૂરા હમ્દ અને આયતુલ કુરસી પછી ત્રણ વખત સૂરા તોહીદ પઢે કે જેથી તેને દરેક રકાતના બદલામાં ૪૦ વર્ષની ઈબાદતનો સવાબ મળે. વળી, એવા માણસના સવાબ જેટલો સવાબ મળે કે જેણે માહે રમઝાનના પૂરા રોઝા રાખ્યા હોય અને ઈબાદત કરી હોય.

**પહેલી શવ્વાલનો દિવસ:**

ઈદુલ ફિત્રના દિવસના કેટલાક આમાલ નીચે મુજબ છે:

(૧) ફજ્રની નમાઝ અને નમાઝે ઈદ પછી એ તકબીરો પઢો કે જે શબે ઈદના આમાલમાં બતાવવામાં આવેલી છે.

(૨) નમાઝે ફજ્ર અથવા નમાઝે ઈદ પછી આ દુઆ પઢવી કે જેની રિવાયત સૈયદ ઈબ્ને તાઊસે કરી છે. તેની શરૂઆત આ મુજબ છે:

اَللّٰهُمَّ اِنِّيْ تَوَجَّهْتُ اِلَيْكَ بِمُحَمَّدٍ اَمَامِيْ...

(૩) નમાઝે ઈદના પહેલાં ઘરના બધા નાના મોટા માણસો તરફથી ઝકાતે ફિત્રા અદા કરે.

(૪) ગુસ્લ કરે અને બહેતર છે કે નહેરમાં ગુસ્લ કરવામાં આવે. તેનો સમય સૂર્ય ઊગવાથી માંડીને નમાઝે ઈદ પઢવા પહેલાં સુધીનો છે. ગુસ્લ કરતાં આ મુજબ પઢે:

اَللّٰهُمَّ اِيْمَانًا بِكَ وَتَصْدِيْقًا بِكِتَابِكَ وَاتِّبَاعَ سُنَّةِ نَبِيِّكَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ

બિસ્મિલ્લાહ પઢીને ગુસ્લ કરે અને ગુસ્લ કર્યા પછી આ મુજબ પઢે:

اَللّٰهُمَّ اجْعَلْهُ كَفَّارَةً لِّذُنُوْبِيْ وَطَهِّرْ دِيْنِي اَللّٰهُمَّ اَذْهِبْ عَنِّي الدَّنَسَ

(૫) ઉમદા પોશાક પહેરે અને ખુશબૂ લગાવે, મક્કા મુકર્રમા સિવાય કોઈ બીજી જગ્યાએ હોય તો નમાઝે ઈદ જંગલમાં ખુલ્લા આસમાનની નીચે અદા કરે.

(૬) નમાઝે ઈદના પહેલા દિવસની શરૂઆતમાં ઈફ્તારી કરે અને બહેતર છે કે ખજૂર અથવા મીઠાઈથી હોય.

(૭) જ્યારે નમાઝે ઈદ માટે તૈયાર થઈ જાય તો સૂર્ય ઊગ્યા પછી ઘરમાંથી નીકળે અને આ દુઆ પઢે:

اَللّٰهُمَّ مَنْ تَهَيَّاَ فِىْ هٰذَا الْيَوْمِ اَوْ تَعَبَّاَ اَوْ اَعَدَّ وَاسْتَعَدَّ لِوِفَادَةٍ اِلٰى مَخْلُوْقٍ رَّجَآءَ رِفْدِهٖ وَنَوَافِلِهٖ وَفَوَاضِلِهٖ وَعَطَايَاهُ فَاِنَّ اِلَيْكَ يَا سَيِّدِىْ تَهْيِئَتِىْ وَتَعْبِئَتِىْ وَاِعْدَادِىْ وَاسْتِعْدَادِىْ رَجَآءَ رِفْدِكَ وَجَوَآئِزِكَ وَنَوَافِلِكَ وَفَوَاضِلِكَ وَفَضَآئِلِكَ وَعَطَايَاكَ وَقَدْ غَدَوْتُ اِلٰى عِيْدٍ مِّنْ اَعْيَادِ اُمَّةِ نَبِيِّكَ مُحَمَّدٍ صَلَوَاتُ اللّٰهِ عَلَيْهِ وَعَلٰٓى اٰلِهٖ وَلَمْ اَفِدْ اِلَيْكَ الْيَوْمَ بِعَمَلٍ صَالِحٍ اَثِقُ بِهٖ قَدَّمْتُهٗ وَلَا تَوَجَّهْتُ بِمَخْلُوْقٍ اَمَّلْتُهٗ وَلٰكِنْ اَتَيْتُكَ خَاضِعًا مُّقِرًّا بِذُنُوْبِىْ وَاِسَآءَتِىْٓ اِلٰى نَفْسِىْ فَيَا عَظِيْمُ يَا عَظِيْمُ اِغْفِرْ لِىَ الْعَظِيْمَ مِنْ ذُنُوْبِىْ فَاِنَّهٗ لَا يَغْفِرُ الذُّنُوْبَ الْعِظَامَ اِلَّآ اَنْتَ يَا لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ يَآ اَرْحَمَ الرَّاحِمِيْنَ

(૮) ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત પઢે.

(૯) દુઆએ નુદબા પઢે. દુઆ પઢયા પછી સજ્દામાં માથું રાખીને આ મુજબ પઢે:

اَعُوْذُبِكَ مِنْ نَّارٍ حَرُّهَا لَا يُطْفٰى وَجَدِيْدُهَا لَا يُبْلٰى وَعَطْشَانُهَا لَا يَرْوٰى

પછી જમણો ગાલ સજ્દાગાહ પર મૂકીને આ મુજબ પઢે:

اِلٰهِىْ لَا تُقَلِّبْ وَجْهِىْ فِى النَّارِ بَعْدَ سُجُوْدِىْ وَتَعْفِيْرِىْ لَكَ بِغَيْرِ مَنٍّ مِّـنِّىْ عَلَيْكَ بَلْ لَّكَ الْمَنُّ عَلَىَّ

પછી ડાબો ગાલ સજ્દાગાહ પર મૂકીને પઢે:

اِرْحَمْ مَّنْ اَسَآءَ وَاقْتَرَفَ وَاسْتَكَانَ وَاعْتَرَفَ

પછી ફરીથી સજ્દામાં જઈને આ મુજબ પઢે:

اِنْ كُنْتُ بِئْسَ الْعَبْدُ فَاَنْتَ نِعْمَ الرَّبُّ عَظُمَ الذَّنْبُ مِنْ عَبْدِكَ فَلْيَحْسُنِ الْعَفْوُ مِنْ عِنْدِكَ يَا كَرِيْمُ

પછી એકસો વખત આ મુજબ પઢે:

اَلْعَفْوَ

# Golden

Bakery & Namkeen Since 1984

## છેલ્લા 41 ગોલ્ડન વર્ષથી
## એજ ગુણવત્તા અને એજ સ્વાદ,

હવે નવી ઓળખ સાથે



ટોસ્ટ, ખારી, નાન, પાવ, બ્રેડ, નાનખટાઈ, કેક, પફ વગેરે ના ઓર્ડર માટે

તેમજ ન્યાઝના ઓર્ડર માટે સંપર્ક કરો: **96877 74291**

**(એહસાનઅલી & નજરમોહંમદ - મેતાવાળા)**

**મુખ્ય બ્રાન્ચ:** સેન્ટ્રલ બેન્કની સામે, જાંપલીપોળ, સિધ્ધપુર, મો. 9586351031

**હાઈવે બ્રાન્ચ:** G- 6 & 7, પ્રમુખ પ્લાઝા, તવાડિયા ચોકડી, સિધ્ધપુર, મો. 9537074521

# હમ્લએ ઊલાના શોહદા

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

**હઝરત અબૂ સમામા સાઈદી (અ.)**

કરબલાના શહીદ. મૌલા અલી (અ.), હઝરત ઈમામ હસન (અ.) અને હઝરત ઈમામ હુસૈન (અ.)ના સહાબી.

**નામ–નસબ:**

આપ (અ.)નું પૂરું નામ ઉમર ઈબ્ને અબ્દિલ્લાહ ઈબ્ને કઅબ અલ–સાઈદ હતું. આપ (અ.) તાબેઈ હતા, અને અરબના પ્રખ્યાત ઘોડેસવાર તથા શીઆઓમાં નામચીન હતા. હઝરત અમીરુલ મોમિનીન (અ.)ના સહાબી હતા, અને આપ (અ.)ની ખિલાફત દરમિયાન થયેલા બધા જ જંગમાં શામિલ હતા. ત્યારબાદ ઈમામ હસન (અ.)નો સાથ આપ્યો હતો, અને પછી કૂફામાં જ સ્થાયી થઈ ગયા હતા. જ્યારે મુઆવિયાનું મૃત્યું થયું, તો ઈમામ હુસૈન (અ.)ને કૂફાની દાવત આપવા માટે પત્ર લખ્યો હતો.[1]

**હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)ની મદદ:**

જ્યારે હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.) કૂફામાં આવ્યા, ત્યારે તેઓ આપ (અ.)ના પડખે ઊભા રહ્યા, અને હઝરત મુસ્લિમ (અ.)ના હુકમ પ્રમાણે શીઆઓ પાસેથી માલ એકઠો કરતા રહ્યા, અને તે માલથી હથિયારો ખરીદ્યાં, અને આપ (અ.) આ મામલામાં ખૂબ જ પ્રવીણ હતા. હઝરત મુસ્લિમ (અ.)ની પાસે પણ જ્યારે શીઆઓ પાસેથી માલ આવતો, તો આપ (અ.) હઝરત અબૂ સમામા (અ.)ને આપતા હતા.[2] જ્યારે હઝરત હાની ઈબ્ને ઉર્વા (અ.)ને ગિરફ્તાર કરવામાં આવ્યા, તો હઝરત મુસ્લિમ (અ.) પરિસ્થિતિને જોઈને જંગ કરવા તૈયાર થયા. હઝરત મુસ્લિમ (અ.)એ લશ્કરને તૈયાર કર્યું, અને હઝરત અબૂ સમામા (અ.)ને તમીમ કબીલા તથા હમ્દાન કબીલાના સરદાર બનાવ્યા. આ બધાએ ઉબૈદુલ્લાહને તેના મહેલમાં ઘેરી રાખ્યો. જ્યારે લોકોએ હઝરત મુસ્લિમ (અ.)ને એકલા મૂકી દીધા, તો હઝરત અબૂ સમામા (અ.) છુપાઈ ગયા. ઈબ્ને ઝિયાદે આપ (અ.)ને ખૂબ જ શોધ્યા, પરંતુ આપ (અ.) અને આપ (અ.)ની સાથે હઝરત નાફેઅ ઈબ્ને હિલાલ (અ.) પણ છૂપી રીતે ઈમામ હુસૈન (અ.)ની પાસે પહોંચી ગયા.[3]

1 ઈબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૧૧૯

2 ઈબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૧૧૯

3 ઈબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૧૧૯

**આપ (અ.)ની વફાદારી:**

આશૂરાના પહેલાં કોઈ રાતમાં ઉમર ઈબ્ને સઅદે ઈમામ (અ.)ની પાસે કસીર ઈબ્ને અબ્દિલ્લાહ શઅબીની સાથે એક સંદેશો મોકલ્યો. આ દુશ્મન પત્થરદિલનો હતો. ઉમર સઅદે તેને કહ્યું કે, “હુસૈન (અ.)ની પાસે જા અને પૂછ કે તેઓ શા માટે આવ્યા છે?” તેણે જવાબ આપ્યો કે, “હા, પૂછી લઉં છું, પરંતુ જો તું ચાહે તો કતલ પણ કરી દઉં.” તેણે કહ્યું કે, “હું નથી ચાહતો કે તું તેમને કતલ કરે, પરંતુ હું ચાહું છું કે ફક્ત પૂછીને આવે.” તેથી તે ઈમામ (અ.)ની પાસે આવ્યો. જ્યારે અબૂ સમામા (અ.)એ તેને જોયો, તો ઈમામ (અ.)ને કહ્યું કે, “અય અબૂ અબ્દિલ્લાહ (અ.)! અલ્લાહ આપને સલામત રાખે, જમીનવાસીઓમાંથી સૌથી ખરાબ, ખૂંખાર અને પત્થરદિલ માણસ આવી રહ્યો છે.” આટલું કહીને તેઓ આપ (અ.)ની આગળ ઊભા થઈને દુશ્મનને કહેવા લાગ્યા કે, “તારી તલવારને મૂકી દે.” તેણે જવાબ આપ્યો કે, “ના, અલ્લાહની કસમ! આ યોગ્ય નથી. હું સંદેશો લઈને આવ્યો છું, જો તમે મારી વાત સાંભળશો, તો હું જે વાત લઈને આવ્યો છું તેને પહોંચાડીશ, અને જો મનાઈ કરશો, તો હું અહીંથી નીકળી જઈશ.” હઝરત અબૂ સમામા (અ.)એ જવાબ આપ્યો કે, “હું તારી તલવારના હાથાને પકડી રાખું છું, પછી તારે જે કહેવું હોય એ કહેજે.” તેણે કહ્યું કે, “ના, અલ્લાહની કસમ! તેને સ્પર્શતા નહીં.” તો હઝરત અબૂ સમામા (અ.)એ કહ્યું કે, “તો પછી મને બતાવ કે શા માટે આવ્યો છે? હું તારા વતીથી જણાવી દઈશ. હું તને ઈમામ (અ.)ની નજીક જવા નહીં દઉં, કારણ કે તું ફાજિર છે.” તો તે સખ્તાઈભર્યા શબ્દો કહેવા લાગ્યો, અને ઉમર ઈબ્ને સઅદની પાસે જતો રહ્યો, અને આખી વિગત જણાવી, તેથી તેણે કુર્રા ઈબ્ને કૈસ હન્ઝલી તમીમીને તેની જગ્યાએ મોકલ્યો, અને પછી તેણે ઈમામ (અ.)ની સાથે વાત કરી.[1]

આ પ્રસંગ પરથી એ જાણવા મળે છે કે હઝરત અબૂ સમામા (અ.) ઈમાન અને અહલેબૈત (અ.) ની વિલાયતની સાથે સાથે સિયાસતમાં પણ ખૂબ જ માહિર હતા, એટલા જ માટે આપ (અ.)એ આ કસીર દુશ્મનને ઈમામ (અ.)ની પાસે તલવારની સાથે આવવાની ઈજાઝત ન આપી, જે દિલમાં ઈમામ (અ.)ને શહીદ કરવાની ઇચ્છા લઈને આવ્યો હતો.

**નમાઝે ઝોહર:**

ઝોહરની નમાઝ પહેલાં જંગ તીવ્ર થઈ ગયો હતો. હમ્લએ ઊલામાં પચાસ કરતાંય વધારે સહાબીઓ શહીદ થઈ ગયા હતા, જેના કારણે ઈમામ (અ.)ના સહાબીઓની સંખ્યા ખૂબ જ ઓછી થઈ ગઈ હતી. દુશ્મનને હવે એ ચિંતા હતી કે ગમે તે રીતે જંગ જલ્દીથી પૂરો થઈ જાય.

1 અલ–ઈર્શાદ, જિલ્દ–૨, સફહા–૮૫

પરિસ્થિતિ એવી હતી કે ઈમામ (અ.)ના લશ્કરમાં જો કોઈ એક અથવા બે શહીદ થતા, તો તરત જ લશ્કરમાં કમી દેખાઈ આવતી હતી, અને પેલી બાજુ ઘણાબધા કતલ થતા હતા, છતાંય વધુ સંખ્યાના કારણે કંઈ ફર્ક દેખાતો ન હતો. જ્યારે અબૂ સમામા (અ.)એ આ પરિસ્થિતિ જોઈ, તો ઈમામ (અ.)ની પાસે આવ્યા અને કહ્યું કે, "અય અબૂ અબ્દિલ્લાહ! મારો જીવ આપના જીવ પર કુરબાન થાય. હું જોઈ રહ્યો છું કે આ લોકો આપની નજીક આવી ગયા છે. અલ્લાહની કસમ! ઈન્શાઅલ્લાહ, જ્યાં સુધી હું કતલ ન થાઉં, ત્યાં સુધી આ લોકો આપને કતલ નહીં કરી શકે. મારી ઈચ્છા છે કે હું એવી હાલતમાં અલ્લાહની મુલાકાત કરું કે આ છેલ્લી નમાઝ આપની પાછળ પઢું કે જેનો સમય આવી ચૂક્યો છે." આ સાંભળીને ઈમામ (અ.)એ પોતાનું સરમુબારક ઊંચું કર્યું, અને ફરમાવ્યું કે, "તમે નમાઝને યાદ અપાવી, અલ્લાહ તમારો શુમાર નમાઝને યાદ રાખનારાઓમાં કરે. હા, આ નમાઝનો અફઝલ સમય છે." પછી ફરમાવ્યું કે, "તેમને કહો કે થોડાક સમય માટે રોકાઈ જાઓ, જેથી અમે નમાઝ પઢી લઈએ." તેથી ઈમામ (અ.)ના સહાબીઓએ દુશ્મનોથી નમાઝ પઢવાની વાત કરી તો હુસૈન ઈબ્ને નુમૈર નામના દુશ્મને કહ્યું કે, "તમારી નમાઝ કબૂલ થશે નહીં." જેના કારણે હઝરત હબીબ ઈબ્ને મુઝાહિર (અ.)એ વળતો જવાબ આપ્યો અને તેના પર હુમલો કર્યો.[1]

**શહાદત:**

નમાઝ પઢી લીધા પછી હઝરત અબૂ સમામા (અ.)એ ઈમામ (અ.)ને ફરમાવ્યું કે, "અય અબૂ અબ્દિલ્લાહ! મને હવે એવો વિચાર આવે છે કે હું મારા દોસ્તો સાથે મળી જાઉં, અને એ વાત પસંદ નથી કે હું આપના પછી બાકી રહું, અને આપને એકલા આપના પરિવારજનોની સાથે કતલ થયેલા જોઉં." હઝરત ઈમામ હુસૈન (અ.)એ જવાબ આપ્યો કે, "આગળ વધો, કારણ કે અમે પણ થોડાક સમયમાં તમારાથી મળી જઈશું."[2] તેથી આપ (અ.) આગળ આવ્યા, અને આ મુજબ રજઝ પઢી:

عَزَآءً لِّاٰلِ الْمُصْطَفٰى وَبَنَاتِهٖ

عَلٰى حَبْسِ خَيْرِ النَّاسِ سِبْطِ مُحَمَّدٍ

عَزَآءً لِّزَهْرَآءِ النَّبِيِّ وَزَوْجِهَا

خِزَانَةِ عِلْمِ اللّٰهِ مِنْ بَعْدِ اَحْمَدَ

عَزَآءً لِّاَهْلِ الشَّرْقِ وَالْغَرْبِ كُلِّهِمْ

وَحُزْنًا عَلٰى حَبْسِ الْحُسَيْنِ الْمُسَدَّدِ

فَمَنْ مُبْلِغٌ عَنِّى النَّبِيَّ وَبِنْتَهٗ

بِاَنَّ ابْنَكُمْ فِىْ مَجْهَدٍ اَيِّ مَجْهَدٍ

(મોહંમદ મુસ્તફા (સ.)ની આલ અને બેટીઓની સામે તાઝિયત પેશ કરું છું, લોકોમાં સૌથી બહેતર

---

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૩૯; ઈબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૧૨૦

2 ઈબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૧૨૦

ઈન્સાન અને મોહંમદ (સ.)ના નવાસાના કેદ થવા પર; નબી (સ.)નાં ફૂલ બીબી ફાતેમા (અ.) અને આપ (અ.)ના શોહર એ અલી (અ.)ની સામે તાઝિયત પેશ કરું છું, કે જેઓ નબી અહમદ (સ.)ના પછી અલ્લાહના ઈલ્મના ખજાના છે; તાઝિયત પેશ કરું છું બધા જ પૂર્વમાં વસનારા અને પશ્ચિમમાં વસનારા લોકોની સામે, અને દુ:ખ છે હુસૈન (અ.)ના કેદ થવા પર; તો કોણ છે એવું કે જે મારા તરફથી નબી (સ.) અને આપ (સ.)નાં બેટીને એ વાત પહોંચાડે કે, આપ (અ.) ના બેટા એક મોટી મુસીબતમાં જકડાઈ ગયા છે.)[1]

1 અલ–મનાકિબ (ઈબ્ને શહર આશૂબ), જિલ્દ–૪, સફહા–૧૦૫

ત્યાર પછી આપ (અ.)એ ખૂબ જંગ કર્યો. જંગના કારણે આપ (અ.)ના શરીર પર ઘણાબધા ઝખ્મો લાગ્યા, અને કૈસ ઈબ્ને અબ્દિલ્લાહ સાઈદીએ આપ (અ.)ને શહીદ કર્યા. આ કૈસ આપ (અ.)નો પિતરાઈ ભાઈ થતો હતો, અને આપ (અ.)થી દુશ્મની રાખતો હતો.[2]

ઈમામે ઝમાના (અ.)થી મન્સૂબ એક ઝિયારતમાં આપ (અ.) પર આ રીતે સલામ મોકલવામાં આવી છે:

اَلسَّلَامُ عَلٰى اَبِىْ ثُمَامَةَ عُمَرَبْنِ عَبْدِاللّٰهِ الصَّآئِدِيِّ

(સલામ થાય અબૂ સમામા ઉમર ઈબ્ને અબ્દિલ્લાહ સાઈદી પર.)

2 ઈબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૧૨૦

*હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ આવું પણ ફરમાવ્યું છે કે, "અલ્લાહ તરફથી આવેલી મુસીબતમાં સબ્ર વાજિબ છે, અને અલ્લાહ તરફથી આપવામાં આવેલા ફેંસલામાં સ્વીકાર વાજિબ છે, અને અલ્લાહ તરફથી આપવામાં આવેલી નેઅમતમાં શુક્ર વાજિબ છે."*

*હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ ફરમાવ્યું છે કે, "જેણે અલ્હમ્દોલિલ્લાહ કહ્યું, તેણે અલ્લાહની બધી નેઅમતોનો શુક્ર અદા કરી દીધો."*

*અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું છે કે, "દરેક નેઅમતનો શુક્ર એ બધી વસ્તુઓથી દૂરી છે કે જેમને અલ્લાહે હરામ કરી દીધી છે."*[1]

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફહા–૬૦, ૬૧

# આપણા ઘરની વાતો

**ઈન્નાલિલ્લાહે...**



સુરપુરનિવાસી **મર્હૂમ મો.હસનઅબ્બાસ ગુલામહૈદર ખાણસીયા** મુ.તા. ૨૦, જમા. આખર-૧૪૪૭ તા.૧૧/૧૨/૨૦૨૫ને ગુરુવારના રોજ ૪૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ કેસિમ્પાનિવાસી **મર્હૂમ મો.અબ્બાસભાઈ જલાલભાઈ નાગલપરા** મુ.તા. ૧૩, રજબ-૧૪૪૭ તા.૦૩/૦૧/૨૦૨૬ને શનિવારના રોજ ૬૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



સુરપુરનિવાસી **મર્હૂમા મો.અલુબેન યારમોહંમદ ભોવણીયા** મુ.તા. ૨૬, રજબ-૧૪૪૭ તા.૧૬/૦૧/૨૦૨૬ને શુક્રવારના રોજ ૯૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶



⟵ ઈલોલ (તલાવ)નિવાસી **મર્હૂમા મો.ઝહરાબેન યૂસુફભાઈ ભટ્ટા** મુ.તા. ૨૮, રજબ-૧૪૪૭ તા.૧૮/૦૧/૨૦૨૬ને રવિવારના રોજ ૬૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



મહેરપુરાનિવાસી **મર્હૂમ હાજી શરીફભાઈ ગનીભાઇ ડોડીયા** મુ.તા. ૦૨, શાબાન-૧૪૪૭ તા.૨૨/૦૧/૨૦૨૬ને ગુરુવારના રોજ ૭૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ હરીપુરાનિવાસી **મર્હૂમ હાજી નશીરભાઈ ઈબ્રાહીમભાઈ નુરભાણેજ (બાકી)** મુ.તા. ૦૭, શાબાન-૧૪૪૭ તા.૨૭/૦૧/૨૦૨૬ને મંગળવારના રોજ ૧૦૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



કનાઈનિવાસી **મર્હૂમા મો.સલમાબેન કમ્બરઅલી મસી** મુ.તા. ૧૫, શાબાન-૧૪૪૭ તા.૦૩/૦૨/૨૦૨૬ને મંગળવારના રોજ ૫૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# Hotel 365

## હોટેલ અને રેસ્ટોરન્ટ માલિકો માટે બનાવેલ એક પાવરફુલ All-in-One સોફ્ટવેર છે

**જે તમારી હોટેલની તમામ દૈનિક કામગીરીને ઝડપી, સરળ અને સંપૂર્ણ રીતે ઓટોમેટ કરે છે. Hotel Front Desk,Billing, Restaurant POS, Banquet, Inventory, Accounts અને Staff Management હવે બધું જ એક જ સિસ્ટમમાં, ઓછા ખર્ચે અને વધારે કંટ્રોલ સાથે.**




**Hotel Management System (PMS)** | **Restaurant POS** | **Channel Manager**

**Banquet Management System** | **Token System** | **Website + Booking Engine**

**ERP Suite : Attendance | Payroll | Purchase | Inventory | Income | Expenses**

**આ સોફ્ટવેરમાં પથિક ની એન્ટ્રી આપમેળે ભરાઈ જાય છે**

- Cloud-Based & Secure
- Easy Check-In / Check-Out (Auto Guest Entry)
- Document Scan
- Mobile Friendly
- Budget Friendly




**For Demo**

Ahesanali Bhoraniya
+91 7359413187
ahesan@hotel365.io

Scan It

Hasanali Gathamaniya
+91 9724936478
hasan@hotel365.io

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૨૫૦૦/- મર્હૂમ મો.હસનઅબ્બાસ ગુલામહૈદર ખાણસીયા (સુરપુર)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦૦/- મર્હૂમા મો.અલુબેન યારમોહંમદ ભોવણીયા (સુરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

રૂા.૧૦૦૦/- મર્હૂમ મો.અબ્બાસભાઈ જલાલભાઈ નાગલપરા (કેસિમ્પા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

રૂા.૬૦૦૦/- મો.હાજી શેરઅલી હાજી શરીફભાઈ ડોડીયા (મહેરપુરા) તથા તેમના સગા સબંધીઓ તરફથી મર્હૂમ હાજી શરીફભાઈ ગનીભાઈ ડોડીયાની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.ઝહરાબેન યૂસુફભાઈ ભટ્ટા (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.યૂસુફભાઈ સુલેમાનભાઈ ભટ્ટા

રૂા.૨૦૦/- મો.મોહંમદહુસૈન યૂસુફભાઈ ભટ્ટા

રૂા.૨૦૦/- મો.ફતેહઅલી યૂસુફભાઈ ભટ્ટા

રૂા.૨૦૦/- મો.હામિદઅલી યૂસુફભાઈ ભટ્ટા

રૂા.૨૦૦/- મો.મોહંમદઅલી ફતેહઅલી ભટ્ટા

રૂા.૨૫૦/- મો.સાબિરઅલી યાકૂબભાઈ ભટ્ટા

રૂા.૨૫૦/- મો.હસનઅબ્બાસ મહદીહુસૈન ભટ્ટા

રૂા.૫૦૦/- મો.અબ્બાસભાઈ ગુલામભાઈ મસી (કનાઈ)

રૂા.૩૦૦/- મો.નૂરઅલી શરીફભાઈ ભટ્ટા

રૂા.૩૦૦/- મો.શબ્બીરઅલી શરીફભાઈ ભટ્ટા

રૂા.૨૦૦/- મો.શીરીનબેન મોહંમદહુસૈન ભુરા

રૂા.૨૦૦/- મો.ઝહરાબેન હસનઅલી ભુરા

રૂા.૧૦૦/- મો.કુલસૂમબેન ગુલામઅલી વિજાપુરા

રૂા.૨૦૦/- મો.ફિઝ્ઝાબેન અબ્બાસભાઈ વેપારી

રૂા.૨૦૦/- મો.એહસાનઅલી અબ્બાસભાઈ મસી (કનાઈ)

રૂા.૨૦૦/- મો.હનીફાફાતેમા એહસાનઅલી મસી (કનાઈ)

રૂા.૨૦૦/- મો.ફરીદાફાતેમા એહસાનઅલી મસી (કનાઈ)

રૂા.૨૦૦/- મો.ફર્હતઝહરા એહસાનઅલી મસી (કનાઈ)

રૂા.૨૦૦/- મો.મોહંમદસજ્જાદ એહસાનઅલી મસી (કનાઈ)

રૂા.૨૦૦/- મો.ઝહરાબેન શબ્બીરઅલી મસી (કનાઈ)

**મર્હૂમ હાજી નશીરભાઈ ઈબ્રાહીમભાઈ નુરભાણેજ (બાકી) (હરીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.અકબરઅલી નશીરભાઈ નુરભાણેજ

રૂા.૫૦૦/- મો.ઈમ્તિયાઝઅલી ઈબ્રાહીમભાઈ નુરભાણેજ

રૂા.૫૦૦/- મો.એહસાનઅલી અકબરઅલી નુરભાણેજ

રૂા.૫૦૦/- મો.મોહસિનઅલી અકબરઅલી નુરભાણેજ

રૂા.૨૦૦/- મો.કુલસૂમબેન યૂસુફભાઈ સુરપુરા (ઈમાનપુરા)

રૂા.૨૦૦/- મો.સુગરાબેન ગુલામહૈદર સલેમા (કિશોરગઢ)

રૂા.૨૦૦/- મો.તાહેરાબેન સખાવતઅલી સુરપુરા (ઈમાનપુરા)

રૂા.૨૦૦/- મો.સકીનાબેન મંઝૂરઅલી નુરભાણેજ

રૂા.૨૦૦/- મો.શાહેદાફાતેમા મોહંમદહુસૈન નુરભાણેજ

રૂા.૧૦૦/- મો.રફીકાફાતેમા ઈમ્તિયાઝઅલી નુરભાણેજ

રૂા.૨૦૦/- મો.મર્હૂમા મરયમબેન ગુલામભાઈ લોઢા

**મર્હૂમા મો.સલમાબેન કમ્બરઅલી મસી (કનાઈ) ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.ગુલામહુસૈન ફતેહભાઈ મસી

રૂા.૫૦૦/- મો.સકીનાબેન ગુલામહુસૈન મસી

રૂા.૫૦૦/- મો.સાબિરઅલી ગુલામહુસૈન મસી

રૂા.૫૦૦/- મો.હુસૈનાબેન સાબિરઅલી મસી

રૂા.૫૦૦/- મો.હૈદરઅલી કમ્બરઅલી મસી

રૂા.૫૦૦/- મો.તાહેરાબેન હૈદરઅલી મસી

રૂા.૫૦૦/- મો.અહમદઅબ્બાસ સાબિરઅલી મસી

રૂા.૫૦૦/- મો.મુખ્તારઅલી કમ્બરઅલી મસી

રૂા.૫૦૦/- મો.નજમાબાનું મુખ્તારઅલી મસી

રૂા.૨૦૦/- મો.ઈમ્દાદઅલી હૈદરઅલી મસી

રૂા.૨૦૦/- મો.માસૂમાફાતેમા મુખ્તારઅલી મસી

રૂા.૨૦૦/- મો.ઈખ્તિયારઅહમદ મુખ્તારઅલી મસી

રૂા.૫૦૦/- મો.કુલસૂમબેન હૈદરઅલી મસી

રૂા.૪૫૦૦/- મો.કાઝિમઅલી દાવૂદભાઈ હોલ્ડા

રૂા.૫૦૦/- મો.ગુલામહુસૈન દાવૂદભાઈ હોલ્ડા

રૂા.૫૦૦/- મો.અબ્બાસભાઈ દાવૂદભાઈ હોલ્ડા

રૂા.૫૦૦/- મો.સુગરાબેન સાબિરહુસૈન હોલ્ડા

રૂા.૫૦૦/- મો.ઝહરાબેન આબિદહુસૈન મસી

રૂા.૩૦૦/- મો.શાકેરાફાતેમા ઝાકિરહુસૈન મેમાયા

રૂા.૩૦૦/- મો.મેઅરાજફાતેમા કુરબાનહુસૈન મસી

રૂા.૨૦૦/- મો.સકીનાબેન નશીરુદ્દીન સાવદી

રૂા.૨૦૦/- મો.કુલસૂમબેન મહદીહુસૈન ભટ્ટા

રૂા.૧૦૦/- મો.આબેદાબેન શબ્બીરઅલી બલોસપુરા

રૂા.૧૦૦/- મો.શીરીનબેન નૂરઅલી મતીયા

રૂા.૨૦૦/- મો.અઝમતફાતેમા રઝાઅલી દાંત્રેલીયા

રૂા.૧૦૦/- મો.કુલસૂમબેન મોહંમદઅલી ભગત

રૂા.૫૦૦/- તાલિબઅલી ગુલામનબી મોમિન (વસો) તરફથી તેઓ ઉમરાહ કરવા ગયા તેની ખુશાલી પ્રસંગે તથા હઝરત પીર સૈયદ ઝહીરહુસૈન જાફરી (રહ.) અને જાફરી ખાનદાનના મર્હૂમોની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.ગુલામભાઈ સુલેમાનભાઈ ચૌધરી (દશાવાડા) તરફથી હઝરત ઈમામ મોહંમદ મહદી સાહેબુઝઝમાન (અ.)ની વિલાદતની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.ગુલામઅલી જમાલભાઈ દાંત્રેલીયા (ઈલોલ તલાવ) તરફથી મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુર્શીદની રૂહના સવાબ અર્થે.